સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 50 (11/12/22 to 17/12/22)


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP

joinicerajkot.com

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**11 DEC-2022**

- દિવસ મહિમા : 03 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day)........ 02
- 'વન ડિસ્ટ્રીક વન પ્રોડક્ટ' અને 'ડિસ્ટ્રિક એઝ એક્સપોર્ટ હબ' પહેલ........ 02
- PM સ્વનિધિ યોજનાની સમયમર્યાદા લંબાવવામાં આવી........ 04
- QUESTION ANSWERS........ 07

**12 DEC-2022**

- દિવસ મહિમા : 12 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ, આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ........ 08
- વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2022 (World Malaria Report 2022)........ 08
- QUESTION ANSWERS........ 11

**13 DEC-2022**

- ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022 : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત બીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી........ 12
- QUESTION ANSWERS........ 25

**14 DEC-2022**

- દિવસ મહિમા : 14 ડિસેમ્બર, રાષ્ટ્રીય સંરક્ષણ ઊર્જા દિન, વિશ્વ વાનર દિવસ........ 28
- હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી : શ્રી સુખવિંદરસિંહ સુક્ખુ........ 28
- અરૂણાચલ પ્રદેશમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ........ 29
- QUESTION ANSWERS........ 33

**15 DEC-2022**

- દિવસ મહિમા : 15 ડિસેમ્બર, સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ દિન........ 34
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે સમર્થન........ 34
- શ્રી ઈશાન કિશને વન-ડેમાં ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચ્યુરી ફટકારી........ 37
- QUESTION ANSWERS........ 39

**16 DEC-2022**

- દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day)........ 40
- સૂર્ય કિરણ XVI : ભારત-નેપાળ........ 40
- અગ્નિ-5 બેલેસ્ટિક મિસાઈલ (Agni-5 ballistic missile)........ 40
- Hurun Global 500 List 2022........ 41
- QUESTION ANSWERS........ 43

**17 DEC-2022**

- પ્રધાનમંત્રી વિરાસત કા સંવર્ધન (PM VIKAS)........ 44
- ઈન્ડિયન ફૂટવેર એન્ડ લેધર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IFLDP)........ 45
- QUESTION ANSWERS........ 46

**ONE LINER**........ 47

**QUESTION OF THIS WEEK**........ 53

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day)



પર્વતોના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2003માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ પર્વતોના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને પ્રેરણા આપવાનો અને પર્વતોના મહત્વને રેખાંકિત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનો છે.

## 'વન ડિસ્ટ્રીક વન પ્રોડક્ટ' અને 'ડિસ્ટ્રિક એઝ એક્સપોર્ટ હબ' પહેલ

તાજેતરમાં વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ (ODOP) અને ડિસ્ટ્રિક એઝ એક્સપર્ટ હબ (DEH) પહેલને મર્જ કરવામાં આવી છે.

### વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ




વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ (ODOP) એ પ્રધાનમંત્રી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ (PMFME) યોજનાના ઔપચારિકરણ હેઠળ અપનાવવામાં આવેલ એક અભિગમ છે.

- તે PMFME યોજનાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને મૂલ્ય શૃંખલા માટે માળખાને સંરેખિત કરવા માટે રોડમેપ પ્રદાન કરશે.
- એક જિલ્લામાં ODOP ઉત્પાદનોના એક કરતા વધારે જૂથ હોઈ શકે છે.
- એક રાજ્યમાં બહુવિધ સંલગ્ન જિલ્લાઓ ODOP ઉત્પાદનોનું ક્લસ્ટર બનાવી શકે છે.
- રાજ્યો હાલના ક્લસ્ટરો અને કાચા માલની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને જિલ્લાઓ માટે ખાદ્ય ઉત્પાદનોની ઓળખ કરશે.
- કેરી, બટાકા, અથાણુ, બાજરી આધારિત ઉત્પાદનો, મત્સ્યોદ્યોગ, મરઘા વગેરે જેવા પ્રદેશમાં ODOP નાશવંત ઉત્પાદન અથવા અનાજ આધારિત અથવા વ્યાપકપણે ઉત્પાદિત ખાદ્ય પદાર્થો હોઈ શકે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ યોજના હેઠળ વેસ્ટ–ટુ–મની પ્રોડક્ટ્સ સહીત કેટલાક અન્ય પરંપરાગત અને નવીન ઉત્પાદનોને સપોર્ટ કરવામાં આવી શકે છે.
- ઉદાહરણ તરીકે આદિવાસી વિસ્તારોમાં મધ, નાની વન પેદાશો, પરંપરાગત ભારતીય હર્બલ ખોરાક જેમ કે હળદર, આમળા વગેરે.

## મહત્વ

ક્લસ્ટર અભિગમ અપનાવવાથી તુલનાત્મક લાભ ધરાવતા જિલ્લાઓમાં ચોક્કસ કૃષિ ઉત્પાદનોના વિકાસમાં મદદ મળશે.

- તેનાથી સામાન્ય સુવિધાઓ અને અન્ય સહાયક સેવાઓ પૂરી પાડવામાં સરળતા રહેશે.

## ODOPની સિદ્ધિઓ

વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ (ODOP) ઉત્પાદનોના વેચાણ અને ખરીદીને પ્રોત્સાહન આપવા માટે ODOP ગવર્મેન્ટ ઈ–માર્કેટપ્લેસ બજાર (GEM) ઓગસ્ટ 2022માં 200થી વધુ પ્રોડક્ટ કેટેગરીઝ સાથે શરૂ કરવામાં આવી હતી.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમની દાવોસ સમિટ, ઈન્ટરનેશનલ યોગ ડે (IYD) વગેરે જેવા વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર ODOP ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.
- ODOP પહેલને સર્વગ્રાહી વિકાસ માટે જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રતિષ્ઠિત પ્રધાનમંત્રી પુરસ્કાર માટે માન્યતા આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## DEHથી સંબંધિત

રાજ્ય નિકાસ પ્રમોશન કમિટી (SEPC) અને ડિસ્ટ્રિક્ટ એક્સપોર્ટ પ્રમોશન કમિટી (DEPC)ની રચના તમામ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવી છે.

- દેશભરના 734 જિલ્લાઓમાં નિકાસની સંભાવના ધરાવતા ઉત્પાદનો અને સેવાઓની ઓળખ કરવામાં આવી છે.
- તથા 28 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્ય નિકાસ વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે.
- 570 જિલ્લાઓ માટે ડ્રાફ્ટ ડિસ્ટ્રિક એક્સપોર્ટ એક્શન પ્લાન (DEAP) તૈયાર કરવામાં આવ્યો છે.
- ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) દ્વારા તમામ જિલ્લાઓમાં DEAPની પ્રગતિ પર નજર રાખવા માટે એક વેબ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે.

## ડિસ્ટ્રિક એઝ એક્સપોર્ટ હબ (DEH) પહેલ શું છે ?

ડિસ્ટ્રિક એઝ એક્સપોર્ટ હબ (DEH) એ દરેક જિલ્લાને નિકાસ હબમાં રૂપાંતરિત કરવાનો હેતુ ધરાવે છે.

- જેના માટે વાણિજ્ય વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો સાથે DGFT દ્વારા કામ કરી રહ્યું છે.
- આ પહેલના ભાગરૂપે દરેક જિલ્લામાં DEPCના રૂપમાં એક સંસ્થાકીય મિકેનિઝમની સ્થાપના કરવામાં આવી રહી છે.
- જેનું નેતૃત્વ જિલ્લા મેજિસ્ટ્રેટ / કલેક્ટર / ડેપ્યુટી કલેક્ટર / જિલ્લા વિકાસ અધિકારી અને અન્ય વિવિધ હિસ્સેદારો તેના સભ્ય તરીકે કરી શકે છે.
- ડિસ્ટ્રિક એક્સપોર્ટ પ્રમોશન કમિટી (DEPC)નું પ્રાથમિક કાર્ય કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે તમામ સંબંધિત હિતધારકો સાથે મળીને ડિસ્ટ્રિક એક્સપોર્ટ એક્શન પ્લાન (DEAP) તૈયાર કરવાનું અને તેની પ્રક્રિયા કરવાનું રહેશે.
- DEAPમાં જિલ્લામાં નિકાસની સંભાવના ધરાવતા ઉત્પાદનો (સામાન અને સેવાઓ)ની સ્પષ્ઠ ઓળખ સામેલ હશે. જે આ મુજબ છે :
  - (a) સંસ્થાકીય/અન્ય જવાબદારીઓ
  - (b) નીતિ, નિયમનકારી અને ઓપરેશનલ સુધારા તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર/યુટિલિટીઝ/લોજિસ્ટિક હસ્તક્ષેપોની વિશેષતાઓ.
  - (c) આયાત નિકાસ ઔપચારિકતા
  - (d) ભૌગલિક સંકેત (GI) ઉત્પાદન, નોંધણી, માર્કેટિંગ અને તેની નિકાસમાં અવરોધો/સમસ્યાની ઓળખ.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PM સ્વનિધિ યોજનાની સમયમર્યાદા લંબાવવામાં આવી

પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર સેલ્ફ–રિલાયન્ટ ફંડ (PM સ્વનિધિ) યોજનાની સમયમર્યાદા માર્ચ 2022થી આગળ લંબાવવામાં આવી છે.

## વિસ્તૃત યોજના માટે જોગવાઈ

- લોનની મુદ્દત ડિસેમ્બર 2024 સુધી લંબાવવામાં આવી છે.
- અનુક્રમે રૂ.10,000 અને રૂ.20,000 ની પ્રથમ અને બીજી લોન ઉપરાંત રૂ.50,000 સુધીની ત્રીજી લોનની રજૂઆત.
- સમગ્ર દેશમાં પીએમ સ્વનિધિ યોજનાના તમામ લાભાર્થીઓ માટે 'સ્વનિધિ સે સમૃદ્ધિ' ઘટકનું વિસ્તરણ.

## પીએમ સ્વનિધિ યોજના

આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ આર્થિક ઉત્તેજના-IIના ભાગરૂપે પીએમ સ્વનિધિ (PM SVANidhi)ની જાહેરાત કરવામાં આવી હતી.

- પીએમ સ્વનિધિ યોજનાનો અમલ 1 જૂન 2020થી થયો હતો.

## આ યોજનાનું પૂરું નામ

પીએમ સ્વનિધિ (PM SVANidhi) યોજનાનું પૂરું નામ 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' (Pradhan Mantri Street Vendor's AtmaNirbhar Nidhi) છે.

## આ યોજનાની વિશેષતા

આ યોજના નાના દુકાનદારો અને ફેરિયાઓને આર્થિક સહાય પૂરી પાડવા માટેના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી હતી.

- આ યોજના અંતર્ગત શરૂઆતમાં ભારતમાં નાના દુકાનદારો અને ફેરિયાઓ રૂ.10,000 સુધીની લોન લઈ શકતા હતા.
- આ માટે તેમને જામીન કે કોઈ વસ્તુ ગીરવે મૂકવાની જરૂર પડતી નથી.
- આ લોન ચૂકવવા માટે એક વર્ષનો સમય આપવામાં આવે છે. આ સમય દરમિયાન દુકાનદાર માસિક હપ્તામાં પણ લોન ચૂકવી શકશે.
- આ યોજના અંતર્ગત લાભાર્થી તેણે લીધેલી લોન નિયત મુદ્દા પહેલા જ જો ચૂકવે દે તો તેને વ્યાજમાં વાર્ષિક 7 ટકાના દરથી સબસિડી આપવામાં આવે છે.
- સબસિડીની આ રકમ 6 મહિનામાં Direct Benifit Transfer (DBT) દ્વારા લાભાર્થીના સીધા બેન્ક ખાતામાં જમા થશે.
- સ્વનિધિ યોજનાની અવધિ પહેલા માર્ચ 2022 સુધી હતી. પરંતુ હવે સરકાર દ્વારા સ્વનિધિ યોજનાની સમયમર્યાદા ડિસેમ્બર 2024 સુધી લંબાવવામાં આવી છે.

## ધિરાણ

તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે એટલે કે તે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવેલ યોજના છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેના ઉદ્દેશ્યો નીચે મુજબ છે :
  - (a) કાર્યકારી મૂડી લોનની સુવિધા પૂરી પાડવી.
  - (b) નિયમિત ચુકવણીને પ્રોત્સાહિત કરો અને
  - (c) ડિજિટલ વ્યવહારો માટે લાભદાયી

નોંધ: (1) આ યોજના ફક્ત તે રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોના લાભાર્થી માટે ઉપલબ્ધ છે જેમણે સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઓફ લિવલીહુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડિંગ) એક્ટ, 2014 હેઠળ નિયમો અને યોજનાને સૂચિત કરી છે.

(2) જોકે મેઘાલયના લાભાર્થીઓ જેનો પોતાનો રાજ્ય સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ છે, તે ભાગ લઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર (B)

2. તાજેતરમાં ODOP અને DEH પહેલને મર્જ કરવા આવી છે. તેના વિશે નીચેના પૈકી કયા/કયું વિધાન સાચા/સાચું છે ?

1. તેમાં ODOPનું પૂરું નામ 'વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ' છે તથા DEHનું પૂરું નામ 'ડિસ્ટ્રિક એઝ એક્સપોર્ટ હબ' છે.
2. વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ (ODOP) એ પ્રધાનમંત્રી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ (PMFME) યોજનાના ઔપચારિકરણ હેઠળ અપનાવવામાં આવેલ એક અભિગમ છે.
3. ડિસ્ટ્રિક એઝ એક્સપોર્ટ હબ (DEH) એ દરેક જિલ્લાને નિકાસ હબમાં રૂપાંતરિત કરવાનો હેતુ ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં પીએમ સ્વનિધિ (PM SVANidhi) યોજનાની સમય મર્યાદા માર્ચ 2022થી વધારીને કેટલી કરવામાં આવી છે.

(A) ડિસેમ્બર, 2024 (B) ડિસેમ્બર, 2025 (C) ડિસેમ્બર, 2026 (D) ડિસેમ્બર, 2027 (A)

4. PM SVANidhi (પીએમ સ્વનિધિ) યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પીએમ સ્વનિધિનું પૂરું નામ 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' છે.
2. આ યોજના નાના દુકાનદારો અને ફેરિયાઓને આર્થિક સહાય પૂરી પાડવા માટેના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી હતી.
3. તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે એટલે કે તે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવેલ યોજના છે.
4. તેની શરૂઆત જૂન 2017માં કરવામાં આવી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ (International Universal Health Coverage Day)

(3) આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ (International Day of Neutrality)

## વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2022 (World Malaria Report 2022)



તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 'વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ 2022' બહાર પાડવામાં આવ્યો હતો.

### વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ 2022

### મેલેરિયાના કારણે મૃત્યુ

મેલેરિયા જેવા રોગથી પીડિત ઘણા દેશો કોવિડ-19 મહામારી હોવા છતા વર્ષ 2021માં મેલેરિયા સામેની લડતમાં દૃઢતા જાળવી રાખી હતી તેના પરિણામે મેલેરિયા સંબંધિત કેસો અને મૃત્યુમાં સ્થિરતા આવી છે.

- મેલેરિયાના કારણે મૃત્યુની સંખ્યા 2020માં 6,25,000થી ઘટીને 2021માં 6,19,000 થઈ ગઈ છે.
- જોકે આ સંખ્યા મહામારી પૂર્વે એટલે કે વર્ષ 2019ના 5,68,000 કરતા વધારે છે.

### મેલેરિયાના કેસો

મેલેરિયાના કેસોમાં વધારો જોવા મળ્યો છે પરંતુ તેનો દર ધીમો રહ્યો છે, આંકડા મુજબ વર્ષ 2019માં 232 મિલિયન કેસ, વર્ષ 2020માં 245 મિલિયન કેસ અને વર્ષ 2021માં 247 મિલિયન કેસ નોંધાયા છે.

### મેલેરિયા જેવા રોગોથી પીડિત દેશો

મેલેરિયા જેવા રોગોથી પીડિત દેશોની સંખ્યા 11 છે.

- જેમાં મુખ્ય ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ઘાના, ભારત, નાઈજર અને યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાન્ઝાનિયા છે, જોકે ત્યાં મેલેરિયાના મૃત્યુમાં ઘટાડો નોંધાયો છે.
- છતા પણ આ દેશો રોગના વૈશ્વિક બોજમાં વધારો કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EX

## નિયંત્રણ માટે દેશો દ્વારા લેવાના પગલા

જંતુનાશક સારવારવાળી મચ્છરદાની (Insecticide-treated bednets) એ સ્થાનિક દેશો દ્વારા ઉપયોગમાં લેવાતા મુખ્ય વેક્ટર નિયંત્રણ માપદંડ છે.

- વર્ષ 2020ની સરખામણીમાં વર્ષ 2021માં ઈન્ટરમિટેન્ટ પ્રિવેન્ટિવ ઈન પ્રેગ્નેન્સી (IPTP)નો વ્યાપ સ્થિર રહ્યો હતો.
- 35 આફ્રિકન દેશોમાં લગભગ 35 ટકા સગર્ભા સ્ત્રીઓએ 2021માં IPTPની સંપૂર્ણ 3-ડોઝની પદ્ધતિ પ્રાપ્ત કરી છે, જે 2020માં 32 ટકાથી થોડો સુધારો છે.

## મેલેરિયાને દૂર કરવામાં અવરોધો

મેલેરિયાને નાબૂદ કરવાની પ્રક્રિયામાં અવરોધરૂપ અવોરોધોમાં આ મુજબનો સમાવેશ થાય છે – પરિવર્તનશીલ પરોપજીવિઓ કે જે ઝડપી નિદાન પરીક્ષણોથી પ્રભાવિત થતા નથી, દવાઓ સામે વધતા પ્રતિકાર અને શહેરી–અનુકૂલિત મચ્છરોના આક્રમણ, ખાસ કરીને આફ્રિકામાં.

## મેલેરિયા

મેલેરિયા એ 'મચ્છરજન્ય રક્ત રોગ' (Mosquito Borne Blood Disease) છે.

- તે ચેપગ્રસ્ત માદા એનોફિલિસ (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરોપજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- સંક્રમિત એનોફિલિસ માદા મચ્છર જ્યારે મનુષ્યને કરડે છે ત્યારે પ્લાઝમોડીયમ સ્પોરોઝઓઈટ સ્વરૂપે મનુષ્યના શરીરમાં પ્રવેશે છે.
- માનવ શરીરમાં પ્રવેશ્યા પછી આ પરોપજીવીઓ યકૃતના કોષોની ગુણાત્મક વૃદ્ધિ કરે છે.
- ત્યારબાદ તેઓ લાલ રક્ત કોશિકાઓ (RBC)નો નાશ કરે છે, પરિણામે RBCને નુકશાન થાય છે.
- મેલેરિયાના લક્ષણોમાં તાવ અને ફલૂ જેવા લક્ષણોનો સમાવેશ થાય છે, જેમાં માથાનો દુખાવો, સ્નાયુમાં દુખાવો અને થાક લાગે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) 23 એપ્રિલ 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી હતી.

(2) આ રસીનું નામ RTS-S/A S01 છે. અને તેનું વ્યાપારી નામ 'Mosquirix' (મોસ્કવીરીક્સ) છે.

(3) વર્ષ 2019માં આ રસી લોન્ચ કર્યા બાદ ઓક્ટોબર 2021માં WHOએ તેને માન્યતા આપી હતી.

(4) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 એપ્રિલના રોજ 'વિશ્વ મેલેરિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર (C)

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર (C)

3. તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 'વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ 2022' (World Malaria Report 2022) બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) મેલેરિયાના કારણે મૃત્યુની સંખ્યા 2020માં 6,25,000થી ઘટીને 2021માં 6,19,000 થઈ ગઈ છે.

(B) મેલેરિયાના કારણે વર્ષ 2021માં સૌથી વધુ મૃત્યુ પશ્ચિમ યુરોપમાં થયા છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. મેલેરિયા કયા માદા મચ્છરના ડંખથી ફેલાતો રોગ છે ?

(A) એડિસ (B) એલ્ફોન્ઝા (C) એફલિસ (D) એનોફિલિસ (D)

5. મેલેરિયાને લીધે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા પ્લાઝમોડિયમને કારણે થાય છે ?

(A) વિવેક્ષ (B) ઓવેલ (C) ફાલ્સીપેરમ (D) સિફિલસ (C)

# ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022 : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત બીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી



ડિસેમ્બર 2022માં ગુજરાતમાં 15મી વિધાનસભા માટેની ચૂંટણીનું આયોજન થયું હતું.

- ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું આયોજન બે તબક્કામાં થયું હતું.
- જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી 1 ડિસેમ્બર 2022ના રોજ યોજાઈ હતી. તથા બીજો તબક્કો 5 ડિસેમ્બર, 2022ના રોજ યોજાયો હતો. પ્રથમ તબક્કામાં 89 બેઠક પર મતદાન થયું હતું જ્યારે બીજા તબક્કામાં 93 બેઠક પર મતદાન થયું હતું.
- ત્યારબાદ 8 ડિસેમ્બર 2022ના રોજ ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022નું પરિણામ

વર્ષ 2022માં ગુજરાતમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા ભારતીય જનતા પાર્ટી (BJP), ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે હતી.

- જેમાં ગુજરાત વિધાનસભાની કુલ 182 બેઠકમાંથી સૌથી વધુ ભારતીય જનતા પાર્ટી (BJP)ને 156 બેઠકો મળી હતી.
- આ સાથે ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ બહુમતથી વિજય થયો છે.
- ત્યારબાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને 17 બેઠક, આમ આદમી પાર્ટીને 5 બેઠક અને અન્યને 4 બેઠક મળી હતી.

## ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં સૌથી વધુ બેઠક મેળવનારા પક્ષો (કુલ 182 બેઠક)

| ક્રમ | પક્ષનું નામ | મેળવેલ બેઠક |
|---|---|---|
| 1 | ભારતીય જનતા પાર્ટી (BJP) | 156 |
| 2 | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) | 17 |
| 3 | આમ આદમી પાર્ટી (AAP) | 5 |
| 4 | સમાજવાદી પાર્ટી | 1 |
| 5 | અન્ય | 3 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની 156 સીટ સાથેની ઐતિહાસિક જીત બાદ એક અનોખો રેકોર્ડ પણ બન્યો છે.
- ગુજરાત વિધાનસભાની ચૂંટણીમા આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે.
- આ અગાઉ વર્ષ 1985માં શ્રી માધવસિંહ સોલંકીની સરકાર વખતે કોંગ્રેસે 149 બેઠકો જીતી હતી.
- ગુજરાત વિધાનસભામાં કુલ 182 બેઠકો છે.
- આથી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી માટે 92 સીટની જરૂર હોય છે.

નોંધ: (1) ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી સતત સાતમી વખત ચૂંટણી જીતનાર પાર્ટી બની છે.

(2) સતત સાતમી ચૂંટણી જીતીને ભાજપે લેફ્ટના રેકોર્ડની બરાબરી કરી છે. પશ્ચિમ બંગાળમાં લેફ્ટ પાર્ટી 32 વર્ષ સુધી સત્તામાં રહી હતી. હવે ભાજપ 33 વર્ષ સુધી સત્તામાં રહેશે.

(3) બીજી બાજુ સતત સાતમી ચૂંટણી જીતનાર ભાજપ પ્રથમ રાષ્ટ્રીય પાર્ટી બની છે. કારણ કે લેફ્ટ હવે રાષ્ટ્રીય પાર્ટી નથી.

(4) ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઘાટલોડિયા બેઠક (અમદાવાદ) પરથી 1,92,263 મતની લીડથી સૌથી મોટી જીત મેળવી હતી.

(5) ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022માં કુલ 15 મહિલાએ વિધાનસભાની બેઠક જીતી છે.


## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સતત બીજીવાર શપથ



ગુજરાતમાં તાજેતરમાં 15મી વિધાનસભા માટે યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા પ્રચંડ વિજય બાદ 12 ડિસેમ્બર, 2022ના રોજ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સતત બીજીવાર શપથ લીધા છે.

- ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મુખ્યમંત્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.
- આ માટેનો શપથવિધિ સમારોહ ગાંધીનગરમાં સચિવાલય પરિસરમાં હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો.
- આ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી, ભારત સરકારના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત સહિત અનેક મુખ્ય મહેમાનો ઉપસ્થિત હતા.

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



- પૂરું નામ : શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંતભાઈ પટેલ
- જન્મ : 15 જુલાઈ, 1962 (અમદાવાદ)
- શૈક્ષણિક લાયકાત : ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગ
- રાજકીય પક્ષનું નામ : ભારતીય જનતા પાર્ટી
- વિધાનસભા મત વિસ્તારનું નામ : ઘાટલોડિયા

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજકીય સફર

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા છે.

- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મેમનગર નગરપાલિકા ચેરમેનથી તેમની રાજકીય સફર શરૂ કરી હતી.
- તેઓ 1995 થી 2000 સુધી મેમનગર નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને પ્રમુખ રહી ચૂક્યા છે.
- તેઓ 2008 થી 2010 સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન હતા.
- વર્ષ 2010 થી 2015 સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પણ સેવા આપી હતી.
- ત્યારબાદ વર્ષ 2015 થી 2017 દરમિયાન તેઓ 'અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી' (AUDA)ના ચેરમેન તરીકે સેવા આપી હતી.
- વર્ષ 2017ની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ઘાટલોડિયા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં તેઓ 1,17,750 મતોની રેકોર્ડબ્રેક લીડથી જીત્યા હતા.
- ઘાટલોડિયા મતવિસ્તાર અમદાવાદ જિલ્લાનો એક ભાગ છે.
- વર્ષ 2022ની વિધાનસભાની ચૂંટણીમાં પણ તેઓ ઘાટલોડિયા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. જેમાં તેઓ 1,92,263 મતોની પ્રચંડ લીડથી જીત્યા હતા.
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પોતાના મત વિસ્તારમાં દાદાના હુલામણા નામથી ઓળખાય છે.
- સપ્ટેમ્બર 2021માં શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું. ત્યારબાદ સપ્ટેમ્બર 2021માં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના 17મા મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2022માં સતત બીજી વખત તેઓ મુખ્યમંત્રી બન્યા છે.
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્રના ટ્રસ્ટી પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ ક્રિકેટ અને બેડમિન્ટન જેવી રમતોમાં રુચિ ધરાવે છે.
- તેમણે મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન અન્ય મહત્વના ઘણા કાર્યો કર્યા હતા.
- જેમ કે ગુજરાત IT/ITeS પોલિસી 2022-2027 લોન્ચ કરી હતી, તેમની સરકાર રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણ અને અમલીકરણનો અભ્યાસ કરવા માટે એક સમિતિની રચના કરનાર પ્રથમ રાજ્ય બન્યુ હતું.

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના 17મા મુખ્યમંત્રી કે 22મા મુખ્યમંત્રી

ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ 17 વ્યક્તિઓ મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા છે.

- જેમાં ડો. જીવરાજ મહેતા ગુજરાતના મુખ્યમંત્રી બનનાર પ્રથમ વ્યક્તિ હતા.
- ત્યારબાદ શ્રી બળવંતરાય મહેતા ગુજરાતના બીજા અને શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ ગુજરાતના મુખ્યમંત્રી બનનાર ત્રીજા વ્યક્તિ હતા. જ્યારે શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી બનનાર 16મા વ્યક્તિ હતા.
- અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બનનાર 17મા વ્યક્તિ છે. આથી, ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના 17મા મુખ્યમંત્રી છે. 22મા નહિ, કેમ કે ગુજરાતમાં અત્યાર સુધી કુલ 17 વ્યક્તિઓ જ મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ક્રમ 17મો છે.
- પરીક્ષામાં આજ ક્રમ પૂછવામાં આવે છે.
- જોકે, કેટલાક સમાચાર પત્રો તથા મેગેઝિનોમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના 22મા મુખ્યમંત્રી તરીકે દર્શાવવામાં આવ્યા છે. કેમ કે, ગુજરાતમાં અત્યાર સુધી કુલ 22 વખત મુખ્યમંત્રી બદલાયા છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ક્રમ 22મો છે.
- ગુજરાતના કુલ 17 વ્યક્તિઓમાંથી શ્રી બાબુભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પટેલ તથા શ્રી કેશુભાઈ પટેલ અલગ અલગ સમયે બે વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. જ્યારે શ્રી માધવસિંહ સોલંકી અલગ અલગ સમયે ત્રણ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. એ રીતે ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ 22 વખત મુખ્યમંત્રી બદલાયા છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ક્રમ 22મો છે.
- આ ટોપિકમાંથી પરીક્ષામાં બે રીતે પ્રશ્નો પૂછવામાં આવે છે :

(1) જો કોઈ વ્યક્તિ પ્રથમ વખત મુખ્યમંત્રી બની હોય તો મુખ્યમંત્રી તરીકે તેમનો ક્રમ પૂછવામાં આવે છે.

દા.ત : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી બન્યા છે ? (અહીં, કેટલામા મુખ્યમંત્રી શબ્દનો અર્થ એ થાય છે કે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બનનાર કેટલામાં વ્યક્તિ છે ?) – એ રીતે એમનો ક્રમ 17મો આવશે.

(2) જો કોઈ વ્યક્તિ એક કરતા વધારે વખત મુખ્યમંત્રી બની હોય તો તેઓ કેટલામી વખત મુખ્યમંત્રી બન્યા એવો પ્રશ્ન પૂછવામાં આવે છે :

દા.ત : શ્રીમતી મમતા બેનર્જી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે..... તેઓ પશ્ચિમ બંગાળના કેટલામી વખત મુખ્યમંત્રી બન્યા છે ? ..... અહીં જવાબ આવશે ત્રીજી વખત.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીશ્રીઓ

| ક્રમ | મુખ્યમંત્રીશ્રી | કાર્યકાળ | | |
|---|---|---|---|---|
| 1 | ડૉ. જીવરાજ મહેતા | 01-05-1960 | થી | 19-09-1963 |
| 2 | શ્રી બળવંતરાય મહેતા | 19-09-1963 | થી | 19-09-1965 |
| 3 | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ | 19-09-1965 | થી | 12-05-1971 |
| 4 | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા | 17-03-1972 | થી | 17-07-1973 |
| 5 | શ્રી ચીમનભાઈ પટેલ | 17-07-1973 | થી | 09-02-1974 |
| 6 | શ્રી બાબુભાઈ પટેલ | 18-06-1975 | થી | 12-03-1976 |
| 7 | શ્રી માધવસિંહ સોલંકી | 24-12-1976 | થી | 10-04-1977 |
| (6) | શ્રી બાબુભાઈ પટેલ | 11-04-1977 | થી | 17-02-1980 |
| (7) | શ્રી માધવસિંહ સોલંકી | 07-06-1980 | થી | 06-07-1985 |
| 8 | શ્રી અમરસિંહ ચોધરી | 06-07-1985 | થી | 09-12-1989 |
| (7) | શ્રી માધવસિંહ સોલંકી | 10-12-1989 | થી | 03-03-1990 |
| (5) | શ્રી ચીમનભાઈ પટેલ | 04-03-1990 | થી | 17-02-1994 |
| 9 | શ્રી છબીલદાસ મહેતા | 17-02-1994 | થી | 13-03-1995 |
| 10 | શ્રી કેશુભાઈ પટેલ | 14-03-1995 | થી | 21-10-1995 |
| 11 | શ્રી સુરેશ મહેતા | 21-10-1995 | થી | 19-09-1996 |
| 12 | શ્રી શંકરસિંહ વાઘેલા | 23-10-1996 | થી | 27-10-1997 |
| 13 | શ્રી દિલીપભાઈ પરીખ | 28-10-1997 | થી | 04-03-1998 |
| (10) | શ્રી કેશુભાઈ પટેલ | 04-03-1998 | થી | 06-10-2001 |
| 14 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 07-10-2001 | થી | 22-05-2014 |
| 15 | શ્રીમતી આનંદીબેન પટેલ | 22-05-2014 | થી | 07-08-2016 |
| 16 | શ્રી વિજયભાઈ રૂપાણી | 07-08-2016 | થી | 13-09-2021 |
| 17 | શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ | 13-09-2021 | થી | 12-12-2022 |
| | | 12-12-2022 | થી | કાર્યરત |


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતનું નવું મંત્રીમંડળ

12 ડિસેમ્બર 2022ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સાથે તેમના મંત્રીમંડળના 16 સભ્યએ પણ શપથ લીધા હતા.

- જેમાં 8 કેબિનેટ કક્ષાના મંત્રીશ્રીઓ, 2 રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રીશ્રીઓ અને 6 અન્ય રાજ્યકક્ષાના મંત્રીનો સમાવેશ થાય છે :

### મુખ્યમંત્રી

| | | |
|---|---|---|
| 1. | શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ  | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, ગૃહ (મુખ્યમંત્રી) અને પોલીસ હાઉસિંગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ, પંચાયત, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, ખાણ અને ખનિજ, યાત્રાધામ વિકાસ, નર્મદા અને કલ્પસર, બંદરો, માહિતી અને પ્રસારણ, નશાબંધી અને આબકારી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય મંત્રીઓને ન ફાળવેલ વિષયો. |


### કેબિનેટ મંત્રીશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| 1. |  | શ્રી કનુભાઈ દેસાઈ | નાણાં, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ |
| 2. |  | શ્રી ઋષિકેશ પટેલ | આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો |
| 3. |  | શ્રી રાઘવજીભાઈ પટેલ | કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ |
| 4. |  | શ્રી બળવંતસિંહ રાજપુત | ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર |

| | | | |
|---|---|---|---|
| 5. |  | શ્રી કુંવરજીભાઈ બાવળીયા | જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો |
| 6. |  | શ્રી મૂળુભાઈ બેરા | પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ |
| 7. |  | ડૉ. કુબેરભાઈ ડીંડોર | આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |
| 8. |  | શ્રીમતી ભાનુબેન બાબરીયા | સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)

| | | | |
|---|---|---|---|
| 1. |  | શ્રી હર્ષભાઈ સંઘવી | રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ–પોલીસ હાઉસિંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ (રાજ્ય કક્ષા) |
| 2. |  | શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા | સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ, અને લેખન સામગ્રી, પ્રોટોકોલ, (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન (રાજ્ય કક્ષા) |

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1. | શ્રી પરષોત્તમભાઈ સોલંકી | મત્સ્યોદ્યોગ અને પશુપાલન |
| 2. | શ્રી બચુભાઈ ખાબડ | પંચાયત, કૃષિ |
| 3. | શ્રી મુકેશભાઈ પટેલ | વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા |
| 4. | શ્રી પ્રફુલ્લભાઈ પાનસુરીયા | સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ |
| 5. | શ્રી ભીખુસિંહ પરમાર | અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા |
| 6. | શ્રી કુંવરજીભાઈ હળપતી | આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ |

## વિધાનસભા અને મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

### વિધાનસભા

વિધાનસભા એ રાજ્યનું નીચલું ગૃહ તરીકે ઓળખાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 170માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ– 170માં જોગવાઈ કરવામાં આવી છે. કે કોઈપણ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યા (બેઠકો) મહત્તમ 500 અને ઓછામાં ઓછી 60 રહેશે.
- પરંતુ અમુક રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે જેમાં વિધાનસભાની સભ્ય સંખ્યા 60 કરતા ઓછી છે. આવા રાજ્યો નીચે મુજબ છે.

  (1) સિક્કિમ– 32 બેઠકો, (2) મિઝોરમ– 40 બેઠકો, (3) ગોવા– 40 બેઠકો.
- 28 રાજ્યો ઉપરાંત 3 કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ વિધાનસભાની વ્યવસ્થા છે. જેમા દિલ્હી, પુડુચેરી અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થાય છે. (જમ્મુ–કાશ્મિરને વર્ષ 2019માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. હાલમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા કાર્યરત નથી પરંતુ સિમાંકન પૂરું થયા બાદ ટૂંક સમયમાં ત્યાં વિધાનસભા કાર્યરત થવાની સંભાવના છે. આથી હાલમાં દિલ્હી અને પુડુચેરી કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા કાર્યરત છે).

### વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત

બંધારણના અનુચ્છેદ– 173 મુજબ વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

**વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત**

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તે વ્યક્તિ જે તે રાજ્યના વતની હોવા જોઈએ એટલે કે સંબંધિત રાજ્યના કોઈપણ મત ક્ષેત્રની મતદર યાદીમાં નામ હોવું જોઈએ.
- વ્યક્તિની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની કોઈ સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ.

## વિધાનસભાના સભ્યના શપથ

- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 188</u> મુજબ વિધાનસભાના પ્રત્યેક સભ્યએ <u>રાજ્યપાલ</u> અથવા <u>રાજ્યપાલ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ</u> સમક્ષ બંધારણની <u>અનુસૂચિ– 3</u> ના નમૂના મુજબ શપથ લેવાના હોય છે.

## મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 164 (1)</u> મુજબ મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ  નથી કે રાજ્યપાલ કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે.
- પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- બીજી એ પણ શક્યતા છે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે. અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના <u>અનુચ્છેદ– 164 (4)</u>માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાનપરિષદ) સભ્ય ન હોય પરંતુ ગૃહનો સભ્ય બનવાની લાયકાત ધરાવતા હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે.
- પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ તે મુખ્યમંત્રી પદ પર રહી શકશે નહીં.

## મુખ્યમંત્રીના શપથ


- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 164(3)</u> મુજબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ રાજ્યના રાજ્યપાલ સમક્ષ બંધારણની <u>અનુસૂચિ 3</u> મુજબ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મુખ્યમંત્રીનો કાર્યકાળ

મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી. જ્યાં સુધી વિધાનસભામાં બહુમતી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે.

- પરંતુ વિધાનસભામાં બહુમતિ પ્રાપ્ત ન થાય તો રાજીનામું આપવું પડે છે. જો મુખ્યમંત્રી રાજીનામું આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરે છે.




## રાજ્ય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 163 (1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.

- જ્યારે બંધારણના અનુચ્છેદ 164 (1)માં એવી જોગવાઈ કરવામા આવી છે કે રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી મંત્રીઓની નિમણૂક કરશે.
- રાજ્યની મંત્રીપરિષદમાં કેન્દ્રીય મંત્રીપરિષદ જેવી જ વ્યવસ્થા હોય છે અને મંત્રીઓને કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી તેમજ ઉપમંત્રી અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.

## મંત્રી બનવાની લાયકાત

- મંત્રીપદ માટે કોઈ વિશેષ જોગવાઈઓ નથી પરંતુ અનુચ્છેદ– 164 (4)માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ :

(a) વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ એક ગૃહ વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય હોવો જોઈએ.

(b) જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય ન હોય તો તે વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે છે જેનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ 6-6 મહિના એમ કરીને ગૃહનો સભ્ય ન બને ત્યાં સુધી પ્રયત્ન કરી શકે આથી અહીં વધુમાં 6 વધુ મહિના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શપથ

- મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેમણે બંધારણની અનુસૂચિ 3માં આપેલા નમૂના અનુસાર રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના અને ગુપ્તાના શપથ લેવાના હોય છે.

## મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા

- બંધારણ સભા દ્વારા મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નહોતી. પરંતુ બાદમાં 91માં 'બંધારણીય સુધારા અધિનિયમ, 2003' દ્વારા બંધારણના અનુચ્છેદ 164 (1) (a) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના 15% થી વધારે ન હોવી જોઈએ અને મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા 12 થી ઓછી ન હોવી જોઈએ.

**નોંધ :** રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાતની રાજનીતિ વિશે પરીક્ષાલક્ષી કેટલાક મહત્વના પ્રશ્નો

- ➤ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીનું નામ જણાવો. – ડો. જીવરાજ મહેતા
- ➤ ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણી સૌપ્રથમ ક્યારે યોજાઈ હતી ? – 1962
- ➤ ગુજરાતના બીજા મુખ્યમંત્રી કોણ હતું ? – શ્રી બળવંતરાય મહેતા
- ➤ કયા મુખ્યમંત્રીના સમયમાં ધૂવારણ વીજ મથકનો પ્રારંભ થયો હતો ? – શ્રી બળવંતરાય મહેતા
- ➤ ગુજરાત રાજ્યના કયા મુખ્યમંત્રીશ્રીનું પાકિસ્તાન સરહદ નજીક વિમાન હુમલામાં અવસાન થયું હતું ? – શ્રી બળવંતરાય મહેતા
- ➤ 1 એપ્રિલ, 1963ના રોજ ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ થયો હતો. આ સમયે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ? – ડો. જીવરાજ મહેતા
- ➤ શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા ? – ત્રીજા
- ➤ કયા મુખ્યમંત્રીના સમયમાં પારડી ઘાસિયા જમીનનો સુખદ ઉકેલ આવ્યો હતો ? – શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ
- ➤ ગુજરાતમાં સૌપ્રથમ રાષ્ટ્રપતિ શાસન ક્યારે લાગ્યુ હતું ? – 1971
- ➤ વર્ષ 1969માં 'નર્મદા જળ વિવાદ ટ્રિબ્યૂનલ'ની રચના થઈ હતી. આ સમયે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ? – શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ
- ➤ ગુજરાતના ચોથા મુખ્યમંત્રીનું નામ જણાવો. – શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

- ગુજરાતના કયા મુખ્યમંત્રીના શાસનકાળમાં નવનિર્માણ આંદોલન થયું હતું ? – શ્રી ચિમનભાઈ પટેલ
- કયા મુખ્યમંત્રીના સમયમાં માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના કરવામાં આવી હતી ?– શ્રી ઘનશ્યામભાઈ ઓઝા
- કયા મુખ્યમંત્રીએ 'માતૃભાષામાં વહીવટ' શરૂ કર્યો હતો ? – શ્રી બાબુભાઈ પટેલ
- કયા મુખ્યમંત્રીના સમયમાં શિક્ષણ ક્ષેત્રે 10+2+3નું માળખું અસ્તિત્વમાં આવ્યું હતું ? – શ્રી બાબુભાઈ પટેલ
- ભારતમાં જ્યારે કટોકટી જાહેર થઈ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ? – શ્રી બાબુભાઈ પટેલ
- ઓગસ્ટ, 1979માં મોરબીમાં મચ્છુ ડેમ હોનારત સર્જાઈ હતી. આ સમયે ગુજરાતના કયા મુખ્યમંત્રી હતા ?

  – શ્રી બાબુભાઈ પટેલ
- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર કોણે સૌથી વધુ સમય માટે સંભાળ્યો છે ?– શ્રી નરેન્દ્રભાઈ મોદી
- કુટુંબપોથીની નવી પધ્ધતિ ગુજરાતના કયા મુખ્યમંત્રીના શાસનકાળમાં શરૂ થઈ હતી ?

  – શ્રી માધવસિંહ સોલંકી
- ગુજરાતમાં મધ્યાહ્ન ભોજન યોજના કયા મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન શરૂ થઈ હતી ?

  – શ્રી માધવસિંહ સોલંકી
- ગરીબી દૂર કરવા 'અંત્યોદય યોજના' કયા મુખ્યમંત્રીના સમયમાં શરૂ થઈ હતી ? – શ્રી બાબુભાઈ પટેલ
- કયા મુખ્યમંત્રીના સમયમાં 'ગોકુળગ્રામ' યોજના શરૂ થઈ હતી ? – શ્રી કેશુભાઈ પટેલ
- આદિજાતિના વિકાસ માટે 'આદિજાતિ વિકાસ કોર્પોરેશન'ની રચના કયા મુખ્યમંત્રીના સમયમાં થઈ હતી ?

  – શ્રી ઘનશ્યામભાઈ ઓઝા
- શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા ? – 14મા
- કયા મુખ્યમંત્રીએ 'ગુજરાત ઈન્ફર્મેશન ટેક્નોલોજી'ની નીતિ જાહેર કરી હતી ? – શ્રી કેશુભાઈ પટેલ
- રાષ્ટ્રીય જનતા પાર્ટીની સ્થાપના કોણે કરી હતી ? – શ્રી શંકરસિંહ વાઘેલા
- શ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'સંઘર્ષકાળમાં ગુજરાત' પુસ્તક કઈ ઘટનાના આધારે લખાયેલ છે ? – કટોકટી– 1975
- ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી અગાઉ ભારત સરકારમાં કયો હોદો ધરાવતા હતા ?

  – વિદેશ મંત્રી
- શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લખાયેલ પુસ્તક 'ધ કન્વીનિયન્ટ' કઈ બાબતોના સંદર્ભે લગતુ પુસ્તક છે ?

  – ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણ
- 'જ્યોતિપુંજ' અને 'એક્ષામ વોરિયર્સ' કોના પુસ્તક છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- 'આંખ આ ધન્ય છે' અને 'કેળવે તે કેળવણી' કોના પુસ્તક છે ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાનું ઉદ્‌ઘાટન કોણે કર્યુ હતું ? – સુશ્રી શારદાબેન મુખર્જી
- જ્યોતિગ્રામ યોજના કયા મુખ્યમંત્રીએ શરૂ કરાવી હતી ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું નામ જણાવો ? – શ્રીમતી આનંદીબેન પટેલ
- શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી હતા ? – 16મા
- હાલમાં ગુજરાતમાં કેટલામી વિધાન સભા કાર્યરત છે. (ડિસેમ્બર, 2022થી) – 15મી
- ગુજરાત વિધાનસભાની કુલ કેટલી બેઠકો આવેલી છે ? – 182
- ગુજરાતની લોકસભામાં કુલ કેટલી બેઠકો છે ? – 26
- ગુજરાતની રાજ્યસભામાં કુલ કેટલી બેઠકો છે ? – 11
- કયા મુખ્યમંત્રીએ ‘કુંવરબાઈનું મામેરૂ યોજના’ શરૂ કરાવી હતી ? – શ્રી કેશુભાઈ પટેલ
- 26 જાન્યુઆરી, 2001માં થયેલા ભયાનક ભૂકંપ વખતે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતું ?– શ્રી કેશુભાઈ પટેલ
- સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા ? – શ્રી ઉચ્છંગરાય ઢેબર
- શ્રી કેશુભાઈ પટેલે કયા વર્ષે પાટણ જિલ્લાની રચના કરી હતી ? – ઈ.સ. 2000
- ‘કિમલોપ પક્ષ’ની સ્થાપના કોણે કરી હતી ? – શ્રી ચીમનભાઈ પટેલ
- ‘પંચામૃત યોજના’ કયા મુખ્યમંત્રીએ શરૂ કરી હતી ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- કયા મુખ્યમંત્રીએ ‘સૂર્ય શક્તિ કિસાન’ યોજના દ્વારા ખેડૂતોને પાણી તથા વીજળીની સમસ્યામાંથી મુક્તિ માટેનો નવતર અભિગમ શરૂ કર્યો હતો ? – શ્રી વિજયભાઈ રૂપાણી
- ‘આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો’ યોજના કયા મુખ્યમંત્રીએ શરૂ કરી હતી ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ગુજરાતમાં પ્રથમ રાષ્ટ્રપતિ શાસન સમયે કેટલામી વિધાનસભા કાર્યરત હતી ? – ત્રીજી
- શ્રી ચીમનભાઈ પટેલના સમયમાં થયેલું નવનિર્માણ આંદોલનમાં ‘નવનિર્માણ’ નામ કોણે આપ્યું હતું ? – પુરુષોત્તમદાસ માવળંકર
- કયા મુખ્યમંત્રીના સમયમાં ‘શ્રવણ તીર્થદર્શન યોજના’ શરૂ થઈ હતી ? – શ્રી વિજયભાઈ રૂપાણી
- કયા મુખ્યમંત્રીના સમયમાં કૃષિ મહોત્સવ, ખેલ મહાકુંભ, ગરીબ કલ્યાણ મેળા વગેરે જેવા કાર્યો થયા હતા ? – શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ગુજરાતના સૌપ્રથમ મહિલા રાજ્યપાલ કોણ હતું ? – શ્રીમતી શારદાબેન મુખર્જી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી 2022નું આયોજન થયું હતું. આ ચૂંટણી કેટલામી વિધાનસભા માટેની હતી ?

(A) 13મી (B) 15મી (C) 17મી (D) 18મી (B)

2. તાજેતરમાં ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી 2022નું આયોજન થયું હતું. જેમાં સૌથી વધુ બેઠકો કયા પક્ષે જીતી છે ?

(A) ભારતીય જનતા પાર્ટી (B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
(C) આમ આદમી પાર્ટી (D) સમાજવાદી પાર્ટી (A)

3. ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022માં ભારતીય જનતા પાર્ટી (BJP)ને કુલ કેટલી બેઠક મળી છે ?

(A) 117 (B) 137 (C) 147 (D) 156 (D)

4. ગુજરાત વિધાનસભામાં કુલ કેટલી બેઠકો છે ?

(A) 160 (B) 26 (C) 11 (D) 182 (D)

5. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી માટે ઓછામાં ઓછી કેટલી સીટો જરૂરી છે ?

(A) 90 (B) 91 (C) 92 (D) 93 (C)

6. તાજેતરમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સતત બીજી વખત શપથ લીધા છે. તેઓ ગુજરાતના કેટલામાં મુખ્યમંત્રી છે ?

(A) 15માં (B) 16માં (C) 17માં (D) 18માં (C)

7. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ 15 જુલાઈ, 1962ના રોજ અમદાવાદમાં થયો હતો.
2. તેમનું પૂરું નામ શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંતભાઈ પટેલ છે.
3. ઘાટલોડિયા તેમનું વિધાનસભા મત વિસ્તાર છે.
4. તેઓ સૌપ્રથમ વર્ષ 2012માં ધારાસભ્ય બન્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** ગુજરાતના નવા 'નાણા, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ'ના કેબિનેટ મંત્રીનું નામ જણાવો ?

(A) શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (B) શ્રી કનુભાઈ દેસાઈ

(C) શ્રી કુવરજીભાઈ બાવળીયા (D) શ્રી પૂર્ણેશભાઈ મોદી **(B)**

**9.** ગુજરાતના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના કેબિનેટ મંત્રીનું નામ જણાવો ?

(A) શ્રી ઋષિકેશભાઈ પટેલ (B) શ્રી રાઘવજીભાઈ દેસાઈ

(C) શ્રી કુવરજીભાઈ બાવળીયા (D) શ્રી મુળુભાઈ બેરા **(B)**

**10.** શ્રી મુળુભાઈ બેરા નીચેનામાંથી કઈ વિભાગના ગુજરાતના કેબિનેટ મંત્રી છે ?

(A) આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ

(B) સામાન્ય વહીવટ, વહીવટ સુધારણા, તાલીમ અને આયોજન

(C) પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ

(D) જળ સંપત્તિ અને પાણી પૂરવઠા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** ગુજરાતના 'સામાજિક ન્યાય અને અધિકારીતા' વિભાગના કેબિનેટ મંત્રીશ્રીનું નામ જણાવો ?

(A) શ્રીમતી ભાનુબેન બાબરીયા (B) શ્રીમતી મનીષાબેન

(C) શ્રીમતી નિમિષાબેન સુથાર (D) શ્રીમતી દર્શિતાબેન શાહ **(A)**

**12.** ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 152(1) (B) અનુચ્છેદ 252(1)

(C) અનુચ્છેદ 164(1) (D) અનુચ્છેદ 264(1) **(C)**

**13.** રાજ્યના મુખ્યમંત્રીએ કોની સમક્ષ શપથ લેવાના હોય છે ?

(A) રાજ્યપાલ સમક્ષ (B) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ સમક્ષ

(C) ઉપરાષ્ટ્રપતિ સમક્ષ (D) વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ **(A)**

**14.** ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ - 160 (B) અનુચ્છેદ - 163 (C) અનુચ્છેદ - 170 (D) અનુચ્છેદ - 181

**(C)**

**15.** ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતું ?

(A) શ્રી બળવંતરાય મહેતા (B) શ્રી જીવરાજ મહેતા

(C) શ્રી ઉચ્છંગરાય ઢેબર (D) શ્રી કલ્યાણભાઈ મહેતા

**(B)**

**16.** ગુજરાત વિધાનસભાની પ્રથમ ચૂંટણી ક્યારે યોજાઈ હતી ?

(A) ઈ.સ. 1960 (B) ઈ.સ. 1961 (C) ઈ.સ. 1962 (D) ઈ.સ. 1963

**(C)**

**17.** નીચે આપેલ મુખ્યમંત્રીઓને તેમના કાળક્રમ પ્રમાણે ગોઠવો.

1. શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ
2. શ્રી બળવંતરાય મહેતા
3. શ્રી ઘનશ્યામભાઈ ઓઝા
4. શ્રી ચીમનભાઈ પટેલ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 2, 1, 3, 4 (B) 2, 3, 1, 4 (C) 2, 4, 3, 1 (D) 3, 2, 4, 1

**(A)**

**18.** ગુજરાતના બીજા મુખ્યમંત્રી કોણ હતા ?

(A) શ્રી ઘનશ્યામભાઈ ઓઝા (B) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ

(C) શ્રી બળવંતરાય મહેતા (D) શ્રી બાબુભાઈ પટેલ

**(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 14 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન (National Energy Conservation Day)
## (3) વિશ્વ વાનર દિવસ (World Monkey Day)


### રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન

'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ' દર વર્ષે 14 ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણના મહત્વ વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ઊર્જા મંત્રાલય હેઠળ ઉજવવામાં આવે છે.
- વર્ષ 1991થી કેન્દ્રીય ઊર્જા મંત્રાલય હેઠળના બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- આ દિવસના અવસરે ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ ક્ષેત્રે ભારતની સિદ્ધિઓ પ્રદર્શિત થાય છે.
- આ દિવસે ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ઉદ્યોગો, સંસ્થાઓ, થર્મલ પાવરસ્ટેશન, ઝોનલ રેલવે સ્ટેશન, નગરપાલિકા, વીજ વિતરણ કંપનીઓ, હોટલ, હોસ્પિટલો વગેરેને પુરસ્કાર આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી : શ્રી સુખવિંદરસિંહ સુક્ખુ



તાજેતરમાં હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી.

- હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની કુલ 68 બેઠક પર ચૂંટણીનું આયોજન થયું હતું.
- 8 ડિસેમ્બર 2022ના રોજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામની સાથે જ હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું.
- જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INS)નો સૌથી વધુ 40 બેઠક પર વિજય થયો હતો.
- ત્યારબાદ ભાજપને 25 બેઠક અને અન્યને 3 બેઠક મળી હતી.

### શ્રી સુખવિંદરસિંહ સુક્ખુના મુખ્યમંત્રી તરીકેના શપથ

11 ડિસેમ્બર, 2022ના રોજ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી સુખવિંદર સુક્ખુએ હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.

- તેમની સાથે શ્રી મુકેશ અગ્નિહોત્રીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.
- હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે તેમને શપથ અપાવ્યા હતા.

- આ પ્રસંગે કોંગ્રેસના અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે, શ્રી રાહુલ ગાંધી, સુશ્રી પ્રિયંકા ગાંધી, શ્રી ભૂપેશ બઘેલ, શ્રી અશોક ગેહલોત, શ્રી સચિન પાયલટ અને અન્ય વરિષ્ટ નેતા ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી સુખવિંદરસિંહ સુક્ખુ

શ્રી સુખવિંદરસિંહ સુક્ખુનો જન્મ 27 માર્ચ, 1964ના રોજ હિમાચલ પ્રદેશના નાદૌન ખાતે થયો હતો.

- તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલા છે.
- તેમણે નેશનલ સ્ટુડન્ટ્સ ઓફ ઈન્ડિયા (NSUI)થી એક કાર્યકર તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેઓ હિમાચલ પ્રદેશ રાજ્ય યુથ કોંગ્રેસના પ્રમુખ પણ રહી ચૂક્યા છે.
- આ ઉપરાંત તેમણે શિમલામાં બે વાર મ્યુનિસિપલ ચૂંટણી જીતી હતી.
- ત્યારબાદ તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીમાં તેમની જીત બાદ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી બન્યા છે.

# અરૂણાચલ પ્રદેશમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ



તાજેતરમાં અરૂણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં યાંગસ્ટે (અથવા યાંગસ્તે) નદીના કિનારે ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી.

- 9 ડિસેમ્બર 2022ના રોજ ચીનના સૈનિકો LAC ક્રોસ કરીને ભારતીય સીમામાં ઘૂસી આવ્યા હતા.
- ભારતીય સૈનિકોએ મક્કમ ઉભા રહીને તેમને આગળ વધતા અટકાવ્યા હતા.
- વર્ષ 2020માં ગાલવાન ખીણની ઘટના બાદ ભારતીય સૈનિકો અને ચીનના સૈનિકો વચ્ચે આ પ્રકારની પ્રથમ ઘટના છે.
- ભારતીય સેના અનુસાર તવાંગ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર કેટલાક વિસ્તારો એવા છે જે અલગ–અલગ મહત્વ ધરાવે છે.
- એક અહેવાલ મુજબ 300 થી 600 ચીની સૈનિકોએ ભારતમાં ઘુસવાનો પ્રયત્ન કર્યો હતો.

## તવાંગ ક્ષેત્રમાં ચીનની રુચીના કારણો

તવાંગમાં ચીની રુચિનું વ્યૂહાત્મક કારણોસર હોઈ શકે છે. કારણ કે ભારતના ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં તે વ્યૂહાત્મક પ્રવેશ પ્રદાન કરે છે.

- તવાંગ તિબેટ અને બ્રહ્મપુત્રા ખીણ વચ્ચેના કોરિડોર પર એક મહત્વપૂર્ણ બિંદુ છે.

- અહીં આવેલ તવાંગ મઠ પણ ખૂબ મહત્વપૂર્ણ છે. આ મઠ વિશ્વનો સૌથી મોટો તિબેટીયન બૌધ મઠ છે.
- પાંચમાં દલાઈ લામાના સન્માનમાં વર્ષ 1680-81માં મેરાંગ લોદ્રો ગ્યામ્ત્સો દ્વારા આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી.
- ચીનનો દાવો છે કે આ મઠ એ વાતનો પુરાવો છે કે આ જિલ્લો એક સમયે તિબેટનો હતો.
- અરૂણાચલ પ્રદેશ પરના તેના દાવાના સમર્થનમાં ચીને તિબેટમાં તવાંગ મઠ અને લ્હાસા મઠ વચ્ચેના ઐતિહાસિક સંબંધો ટાંક્યા છે.
- હકિકતમાં અરૂણાચલ પ્રદેશમાં તવાંગ સેક્ટરમાં LACની આસપાસ ઘણા વિસ્તારો છે જેના પર ચીન દાવો કરતુ રહ્યુ છે.
- ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ ભારતીય સૈનિકોએ આજ વિસ્તારમાં ચીની સૈનિકોને રોક્યા હતા.

## LAC

LACનું પૂરું નામ Line of Actual Control (વાસ્તવિક નિયંત્રણ રેખા) છે.

- ભારત અને ચીન વચ્ચેની વાસ્તવિક નિયંત્રણ રેખા LAC તરીકે ઓળખાય છે.
- 1962ના ભારત–ચીન યુદ્ધ બાદ આ રેખા અસ્તિત્વમાં આવી હતી.
- 1962ના ભારત–ચીન યુદ્ધ બાદ બંને દેશોની સેનાઓ જ્યાં તૈનાત હતી તેને વાસ્તવિક નિયંત્રણ રેખા માનવામાં આવે છે.
- જોકે, સ્પષ્ટતાના અભાવને કારણે LACને વિશ્વની સૌથી લાંબી Unmarked સરહદ માનવામાં આવે છે.
- ભારતના ચાર રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી LAC પસાર થાય છે.
- ભારત અને ચીન સરહદે આવેલા આ ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના નામ આ પ્રમાણે છે : (1) લદ્દાખ (2) હિમાચલ પ્રદેશ (3) ઉત્તરાખંડ (4) સિક્કિમ (5) અરૂણાચલ પ્રદેશ.

**નોંધ:** LAC (Line of Actual Control) શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ચીનના તત્કાલીન વડાપ્રધાન ઝોઉ એનલાઈએ ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને 1959માં લખેલા એક પત્રમાં કર્યો હતો.

## મેકમહોન રેખા (Mcmahon Line)

મેકમહોન રેખા એ ભારત અને તિબેટ વચ્ચેની સરહદી રેખા છે.

- 1914માં બ્રિટિશ સરકાર અને તિબેટ વચ્ચે થયેલા શિમલા કરાર અંતર્ગત આ સરહદ અસ્તિત્વમાં આવી હતી.
- જોકે, હાલમાં તિબેટ ચીનમાં આવેલો એક સ્વાયત્ત પ્રદેશ છે.

- આથી, હાલ મેકમહોન રેખા ભારત અને ચીન વચ્ચે આવેલી છે.
- પરંતુ, 1914માં તિબેટ સાથે થયેલા કરાર અંતર્ગત આ રેખા અસ્તિત્વમાં આવી હોવાથી ચીન આ રેખાનો સ્વીકાર કરવાનો ઈનકાર કરે છે.
- આ મેકમહોન રેખા અનુસાર અરૂણાચલ પ્રદેશ ભારતનો એક ભાગ છે.
- જ્યારે આ રેખાનો અસ્વીકાર કરીને ચીન અરૂણાચલ પ્રદેશને તિબેટનો ભાગ ગણાવી રહ્યુ છે.

નોંધ: શિમલા કરારમાં મહત્વની ભૂમિકા ભજવનાર અંગ્રેજ અધિકારી શ્રી હેનરી મેકમહોનના નામ પરથી આ રેખાને મેક મહોન નામ આપવામાં આવ્યું હતું.

## Johnson Line

ભારત અને ચીન વચ્ચે સીમા વિવાદના ઉકેલ માટે બ્રિટિશ ઈન્ડિયાના સિવિલ સેવા અધિકારી શ્રી ડબલ્યુ એચ. જ્હોન્સને 1865માં એક દરખાસ્ત મૂકી હતી.

- આ દરખાસ્ત **Johnson Line** તરીકે ઓળખાય છે.
- જેમાં અક્સાઈ ચીનને ભારતના જમ્મુ કાશ્મીરનો એક ભાગ ગણવામાં આવ્યો છે.
- ભારત વર્તમાન સમયે આ જ 'જોન્સન રેખા'ને માન્ય ગણે છે.
- 1865માં અક્સાઈ ચીનની સરહદ ચીનના જિનજિયાંગ પ્રાંત સાથે જોડાયેલી હતી.
- અને એ સમયે શિનજિયાંગ પ્રાંત સ્વતંત્ર હતું. આથી પ્રાંત સાથે વાટાઘાટો કરીને 'જોન્સન લાઈન'ને ધ્યાનમાં રાખીને એ સમયે અંગ્રેજો ભારતમાં શાસન કરતા હતા.
- ત્યારબાદ 1878માં ચીને શિનજિયાંત પ્રાંત પર કબ્જો કરી લીધો હતો. અને હવે તેની નજર ભારતના અક્સાઈ ચીન પર હતી.
- તયારબાદ 1962ના ભારત–ચીન યુદ્ધમાં ચીને ભારતના અક્સાઈ ચીન પર કબ્જો કરી લીધો હતો.
- અને ત્યારબાદ ભારત–ચીન વચ્ચે LAC અસ્તિત્વમાં આવી હતી.

નોંધ: (1) ભારતના વડાપ્રધાન શ્રી એચ.ડી.દેવગૌડા અને ભારતના પ્રવાસે આવેલા ચીનના રાષ્ટ્રપતિ જિઆંગ જેમિન વચ્ચે 1996માં 'ROE Agreement' થયો હતો.

(2) ROE Agreementમાં ROEનું પૂરું નામ Rules of Engagement છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) આ કરાર અંતર્ગત કરવામાં આવેલી એક જોગવાઈ અનુસાર ભારત અને ચીનના સૈનિકો દ્વારા LACથી અંદરના 2 કિલોમીટરના વિસ્તારમાં બંદૂક, વિસ્ફોટક કે રાસાયણિક હથિયાર વગેરે જેવા હથિયારોનો ઉપયોગ થઈ શકતો ન હતો.

(4) જોકે જૂન 2020માં <u>ગાલવાન ઘાટીમાં</u> ભારત ચીન વચ્ચે થયેલા ઘર્ષણ બાદ ભારત આ કરારમાંથી મુક્ત થઈ ગયું છે.

(5) ચીનની સેનાનું નામ <u>'પિપલ્સ લિબરેશન આર્મી'(PLA)</u> છે.

(6) અક્સાઈ ચીન એ ભારતના લદ્દાખનો અભિન્ન ભાગ છે. જોકે, આ વિસ્તાર પર 1962થી ચીનનો ગેરકાયદેસર કબ્જો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ડિસેમ્બર (B) 12 ડિસેમ્બર (C) 13 ડિસેમ્બર (D) 14 ડિસેમ્બર (D)

2. 'વિશ્વ વાનર દિવસ' અથવા 'World Monkey Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 ડિસેમ્બર (B) 12 ડિસેમ્બર (C) 13 ડિસેમ્બર (D) 14 ડિસેમ્બર (D)

3. તાજેતરમાં હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું. હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની કુલ કેટલી બેઠક આવેલ છે ?

(A) 66 (B) 68 (C) 70 (D) 78 (B)

4. હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રીનું નામ જણાવો ?

(A) શ્રી સુખવિંદરસિંહ સુક્ખુ (B) શ્રી પવન કુમાર

(C) શ્રી ઈન્દરદત્ત ઈખનપાલ (D) શ્રી રાજિન્દર સિંહ (A)

5. તાજેતરમાં અરૂણાચલ પ્રદેશના કયા ક્ષેત્રમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી ?

(A) તવાંગ (B) ગાલવાન (C) પેન્ગોન્ગ ત્સો (D) દોલત બેગ ઓલ્ડી (A)

6. ભારતના કયા રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી LAC (લાઈન ઓફ એકચ્યુઅલ કંટ્રોલ) પસાર થાય છે ?

(A) લદાખ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ

(B) લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ

(C) લદાખ, હિમાચલ પ્રદેશ, બિહાર, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ

(D) લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 15 ડિસેમ્બર, સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ દિન

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે સમર્થન

તાજેતરમાં બ્રિટન, ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાતે 'સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ' (UNSC)માં ભારતના કાયમી સભ્ય પદ માટે સમર્થન વ્યક્ત કર્યુ છે.

- ફ્રાન્સનું કહેવું છે કે વર્તમાન સમસ્યાઓના સત્યને વધુ સારી રીતે સમજવા માટે સુરક્ષા પરિષદમાં આ અગ્રણી સભ્યોનો સમાવેશ અત્યંત મહત્વપૂર્ણ છે.
- બ્રિટનના કાયમી પ્રતિનિધિ ડેમ બાર્બરાના જણાવ્યા અનુસાર સુરક્ષા પરિષદને વિશ્વ માટે વધુ પ્રતિનિધિ મંડળ બનાવવાની અને કાઉન્સિલને કાયમી અને બિન–કાયમી શ્રેણીઓમાં વિસ્તરણ કરવાની જરૂર છે.
- ફ્રાન્સના સ્થાયી પ્રતિનિધિ નિકોલસ ડી રિબિયરે કહ્યુ કે તેમનો દેશ સુરક્ષા પરિષદના વિસ્તરણને સમર્થન આપે છે, જેમાં નવા દળોના ઉદ્ભવ અને સુરક્ષા પરિષદમાં જવાબદારી લેવાની કાયમી ક્ષમતાની નોંધ લેવામાં આવી છે.
- આથી ફ્રાન્સ જર્મની, બ્રાઝિલ, ભારત અને જાપાનના કાયમી સભ્યપદને પણ સમર્થન આપે છે.
- સંયુક્ત આરબ અમિરાતે પણ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષામાં બહુપક્ષીયતાના વલણ વિશે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં યોજાયેલી ખુલ્લી ચર્ચામાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની હાજરીને સમર્થન આપ્યું હતું.

### શા માટે ભારત UNSCમાં કાયમી સભ્યપદ માટે પાત્ર છે ?

- ભારત વિશ્વનો બીજો સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે.
- ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.
- ભારત વિશ્વની ઉભરતી આર્થિક મહાસત્તા છે.
- વૈશ્વિક સ્તરે ભારતના વધતા આર્થિક કદએ ભારતના દાવાઓને વધુ મજબૂત બનાવ્યા છે. હાલમાં ભારત વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે.
- ભારતના સોફ્ટવેર એન્જિનિયરો, આઈટી નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકોનું વૈશ્વિક સ્તરે ખૂબ મહત્વનું યોગદાન છે.
- વિશ્વ વેપાર સંગઠન, BRICS અને G20 જેવા આર્થિક સંગઠનોમાં ભારતની ગણતરી હવે સૌથી પ્રભાવશાળી દેશોમાં થાય છે.
- સંયુક્ત રાષ્ટ્રની લગભગ તમામ પહેલોમાં ભારત સામેલ રહ્યુ છે.

- ભારત સંયુક્ત રાષ્ટ્રમાં સૈનિકોનું સૌથી મોટું યોગદાન આપનાર દેશ છે.
- આ ઉપરાંત ભારત શરૂઆતથી જ સંયુક્ત રાષ્ટ્રના બજેટમાં પણ યોગદાન આપી રહ્યુ છે.
- આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર અત્યારે માત્ર શાંતિ અને સુરક્ષા પુરતુ મર્યાદિત નથી. આજે સંયુક્ત રાષ્ટ્ર સ્થળાંતર, આબોહવા પરિવર્તન, ટકાઉ વિકાસ જેવા મહત્વના મુદ્દાઓ પર કામ કરી રહ્યુ છે. જે ભારતના મહત્વના મુદ્દા પણ છે.
- એટલા માટે ભારત સંયુક્ત રાષ્ટ્ર સાથે વધુને વધુ ભાગીદારી કરવા માંગે છે.

## ભારતની પ્રતિક્રિયા

ભારત લાંબા સમયથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની માંગ કરી રહ્યુ છે.

- આ સાથે જ વિશ્વના ઘણા દેશો ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સામેલ કરવાનું પણ માને છે.
- ભારતનું માનવું છે કે બદલાયેલી દુનિયામાં સંયુક્ત રાષ્ટ્રની તાકાત અને કઠોરતા જરૂરી છે.

## UNSCમાં સુધારાની જરૂર કેમ છે ?

- સુરક્ષા પરિષદની રચના 1945ની રાજનીતિ અનુસાર કરવામાં આવી હતી. વર્તમાન ભૌગોલિક રાજનીતિ બીજા વિશ્વયુદ્ધથી ઘણી અલગ છે.
- શીત યુદ્ધના સમયથી સુધારાની જરૂરિયાત અનુભવાઈ હતી. તેને સંખ્યાબંધ સુધારાઓની જરૂર છે જેમાંથી રચના અને પ્રતિક્રિયા મહત્વપૂર્ણ છે.
- કાઉન્સિલના પાંચ સ્થાયી સભ્યો યુએસ. બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન 7 દાયકા પહેલા માત્ર એક જ યુદ્ધ જીતવાના આધારે કાઉન્સિલના કોઈપણ ઠરાવ અથવા નિર્ણયને વીટો કરવાનો વિશેષધિકાર ધરાવે છે.
- કાઉન્સિલની વર્તમાન રચના ઓછામાં ઓછા 50 વર્ષ પહેલાની સત્તા વ્યવસ્થાના સંતુલન પર ભાર મૂકે છે.
- ઉદાહરણ તરીકે યુરોપ વિશ્વની માત્ર 5 ટકા વસતીનું ઘર છે, જે કાયમી સભ્ય તરીકે કાઉન્સિલમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવે છે.
- નોંધપાત્ર વાત એ છે કે આફ્રિકાનો કોઈ દેશ સુરક્ષા પરિષદનો કાયમી સભ્ય નથી. જ્યારે સંયુક્ત રાષ્ટ્રનું 50 ટકાથી વધુ કામ એકલા આફ્રિકન દેશો સાથે સંબંધિત છે.
- પીસકીપિંગ ઓપરેશન્સમાં મહત્વની ભૂમિકા ભજવવા છત્તા, તે દેશોની બાજુ વર્તમાન સભ્યો દ્વારા અવગણવામાં આવે છે. ભારત તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વીટોના કારણે ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર નિર્ણય લઈ શકાતો નથી.
- સંયુક્ત રાષ્ટ્રની પોતાની સેના ન હોવી એ પણ સુધારાની વાત છે.
- મોટા ભાગના દેશો તેમના રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને કામ કરે છે, જેના કારણે સંયુક્ત રાષ્ટ્ર તેના ઉદ્દેશ્યમાં સફળ થઈ શક્યુ નથી.

## UNSC


UNSCનું પૂરું નામ 'United Nations Security Council' છે.

- તેની સ્થાપના 1945માં સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર દ્વારા કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે.
- UNSCનું પ્રાથમિક કાર્ય આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને સલામતિ જાળવવાનું છે.
- UNSCનું પ્રથમ સત્ર 17 જાન્યુઆરી, 1946ના રોજ લંડનના વેસ્ટમિન્સ્ટર ખાતે યોજાયું હતું.
- UNSC 15 સભ્યો ધરાવે છે. જેમાંથી 5 કાયમી સભ્યો અને 10 બિન–કાયમી સભ્યો છે.
- પાંચ કાયમી સભ્યોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે.

નોંધ: (1) ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના બિન–સ્થાયી સભ્ય તરીકે સાત વખત સેવા આપી છે અને જાન્યુઆરી 2021માં ભારતે આઠમી વખત UNSCનું અસ્થાયી સભ્યપદ સ્વીકાર્યું હતું.

(2) 1 ડિસેમ્બરના રોજ ભારતે વર્ષ 2021-22માં કાઉન્સિલના ચૂંટાયેલા સભ્ય તરીકે તેના બે વર્ષના કાર્યકાળમાં બીજી વખત UNSCનું અધ્યક્ષપદ સંભાળ્યું છે. ભારતે અગાઉ ઓગસ્ટ, 2021માં UNSCનું અધ્યક્ષ પદ સંભાળ્યું હતું.

(3) કાઉન્સિલનું અધ્યક્ષપદ દર મહિને તેના 15 સભ્યો વચ્ચે ફરે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ઈશાન કિશને વન-ડેમાં ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચ્યુરી ફટકારી




ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી ઈશાન કિશને બાંગ્લાદેશ સામેની વન–ડે મેચ દરમિયાન 210 રન ફટકાર્યા હતા.

- આ તેની કારકિર્દીની પ્રથમ બેવડી સદી હતી.
- આ સાથે વન–ડે ક્રિકેટમાં ફાસ્ટેટ બેવડી સદી નોંધાવનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે.
- શ્રી ઈશાન કિશને 131 બોલમાં 210 રન ફટકાર્યા હતા.
- શ્રી ઈશાન કિશન વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ભારતનો ચોથો બેટ્સમેન બન્યો છે.
- ભારત માટે શ્રી સચિન તેંડુલકરે 2010માં સાઉથ આફ્રિકા સામે 200 રન, શ્રી વિરેન્દ્ર સહેવાગે 2011માં વેસ્ટ ઈન્ડિઝ સામે 219 રન કર્યા હતા.
- તથા શ્રી રોહિત શર્માએ વન–ડેમાં ત્રણ બેવડી સદી નોંધાવી છે. તેમણે 2014માં શ્રીલંકા સામે 264, 2013માં ઓસ્ટ્રેલિયા સામે 209 તથા 2017માં શ્રીલંકા સામે અણનમ 208 રનની ઈનિંગ રમી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ખેલાડીઓ

| ક્રમ | નામ | રન | કેટલા બોલમાં | દેશ |
|---|---|---|---|---|
| 1 | શ્રી રોહિત શર્મા | 264 | 173 | ભારત |
| 2 | શ્રી માર્ટિન ગુપ્ટિલ | 237 | 163 | ન્યૂઝિલેન્ડ |
| 3 | શ્રી વિરેન્દ્ર સેહવાગ | 219 | 149 | ભારત |
| 4 | શ્રી ક્રિસ ગેલ | 215 | 147 | વેસ્ટ ઈન્ડિઝ |
| 5 | શ્રી ફખર ઝમાન | 210 | 156 | પાકિસ્તાન |
| 6 | શ્રી ઈશાન કિશન | 210 | 131 | ભારત |
| 7 | શ્રી રોહિત શર્મા | 209 | 158 | ભારત |
| 8 | શ્રી રોહિત શર્મા | 208 | 153 | ભારત |
| 9 | શ્રી સચિન તેંડુલકર | 200 | 147 | ભારત |

**નોંધ:** (1) વન–ડે ક્રિકેટમાં સૌપ્રથમ સદી નોંધાવનાર <u>શ્રી સચિન તેંડુલકર</u> હતા. તેમણે વર્ષ 2010માં સાઉથ આફ્રિકા સામે <u>200 રન</u> ફટકાર્યા હતા. (ICC આંકડા મુજબ)

(2) વન–ડે ક્રિકેટમાં એક મેચમાં સૌથી વધુ રન ફટકારનાર ખેલાડી <u>શ્રી રોહિત શર્મા</u> છે. તેમણે શ્રીલંકા સામે 2014માં <u>264</u> રન ફટકાર્યા હતા.

(3) વન–ડે ક્રિકેટમાં ફાસ્ટેટ બેવડી સદી નોંધાવનાર <u>શ્રી ઈશાન કિશન</u> છે.

(4) શ્રી સચિન તેંડુલકર ICC વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર પ્રથમ ખેલાડી હતા જ્યારે વિમેન્સમાં વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ઓસ્ટ્રેલિયાના ખેલાડી <u>સુશ્રી બેલિન્ડા ક્લાર્ક (229 રન)</u> હતા.



1. સમગ્ર ભારતમાં કયા દિવસના રોજ લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિ ઉજવવામાં આવે છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર (A)

2. તાજેતરમાં બ્રિટન, ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાતે UNSCમાં ભારતના કાયમી સભ્યપદ માટે સમર્થન વ્યક્ત કર્યુ છે. આ UNSC સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'United Nations Security Council' છે.

2. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે.

3. UNSCનું પ્રથમ સત્ર 17 જાન્યુઆરી, 1946ના રોજ લંડનના વેસ્ટ મિન્સ્ટર ખાતે યોજાયું હતું.

4. UNSC 15 સભ્યો ધરાવે છે. જેમાંથી 5 કાયમી સભ્યો અને 10 બિન–કાયમી સભ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

3. UNSCમાં પાંચ કાયમી સભ્યો છે. જેમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) ચીન (B) ભારત (C) ફ્રાન્સ (D) બ્રિટન (B)

4. તાજેતરમાં નીચેનામાંથી કયો ભારતીય ક્રિકેટર વન–ડે મેચમાં ફાસ્ટેસ્ટ બેવડી સદી નોંધાવનાર ખેલાડી બન્યો છે ?

(A) શ્રી ઈશાન કિશન (B) શ્રી સુભમન ગીલ (C) શ્રી કે.એલ. રાહુલ (D) શ્રી વિરાટ કોહલી (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day)




ભારતમાં દર વર્ષે 16 ડિસેમ્બરને 'વિજય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધમાં 16 ડિસેમ્બરના રોજ થયેલા ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ યુદ્ધમાં પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનથી આઝાદ થઈ ગયું હતું અને 'બાંગ્લાદેશ' નામના એક નવા જ દેશનું સર્જન થયું હતું.
- આથી, દર વર્ષે 16 ડિસેમ્બર બાંગ્લાદેશમાં પણ 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) ભારતમાં 16 ડિસેમ્બર 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે. જ્યારે 26 જુલાઈ 'કારગિલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

(2) 26 જુલાઈ, 1999ના રોજ કારગિલ યુદ્ધમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય થયો હતો. આથી, દર વર્ષે 26 જુલાઈના રોજ ભારતમાં 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## સૂર્ય કિરણ XVI : ભારત-નેપાળ

ભારત અને નેપાળની સેનાઓ વચ્ચે ભારત–નેપાળ સંયુક્ત સૈન્ય પ્રશિક્ષણ અભ્યાસ 'સુર્ય કિરણ-XVI'ની 16મી આવૃત્તિ નેપાળમાં સાલઝંડીના નેપાળ આર્મી બેટલ સ્કૂલ ખાતે આયોજિત કરવામાં આવી હતી.

- 'સૂર્ય કિરણ' એ ભારત અને નેપાળ વચ્ચે દર વર્ષે આયોજિત લશ્કરી કવાયત છે.
- તેમનો ઉદ્દેશ્ય બંને દેશના સૈનિકો દ્વારા દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં સૈન્ય સંબંધો સ્થાપિત કરવા અને આપત્તિ વ્યવસ્થાપન હેઠળ માનવતાવાદી સહાય પૂરી પાડવાનો છે.
- આ ઉપરાંત તેનો અન્ય ઉદ્દેશ્ય વિદ્રોહ વિરોધી કામગીરીના સંચાલન દરમિયાન પ્રાપ્ત થયેલા અનુભવોની વહેંચણી કરવી.
- તથા બંને દેશોની સેનાઓ વચ્ચે આંતરકાર્યક્ષમતા અને અનુભવની વહેંચણી વિકસાવવાનો છે.
- આ અગાઉ ભારતમાં ઉત્તરાખંડના પિથોરાગઢમાં સૂર્યકિરણની 15મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અગ્નિ-5 બેલેસ્ટિક મિસાઈલ (Agni-5 ballistic missile)

તાજેતરમાં ભારતે અગ્નિ-5 પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલનું રાત્રી પરીક્ષણ (Night Trials) સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ હતું.

- ઓડિશાના અબ્દુલ કલામ દ્વીપથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- પરીક્ષણમાં ડમી વોરહેડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અગ્નિ-5 મિસાઈલની વિશેષતા




અગ્નિ–5 એ ભારતની સંપૂર્ણપણે સ્વદેશી બનાવટની પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ છે.

- આ મિસાઈલ ત્રણ તબક્કાના ઘન–ઈંધણ એન્જિનનો ઉપયોગ કરે છે, જે ખૂબ જ ઉચ્ચ ચોક્કસાઈ સાથે 5000 કિ.મીની રેન્જ સુધીના લક્ષ્યોને હિટ કરી શકે છે.
- તેની પ્રહાર ક્ષમતા આશરે 5000 (અથવા 5000 થી 8000) કિ.મી સુધીની છે.
- તેની વહનક્ષમતા 1500 કિલોગ્રામ સુધીની છે.
- તે જમીન થી જમીન (સપાટી થી સપાટી) પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- અગ્નિ–5 એ ભારતની સ્વદેશી બનાવટની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે.
- આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
- તેનું મેન્યુફેક્ચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થયું છે.


નોંધ : (1) અગ્નિ– 5 મિસાઈલનું પ્રથમ પરીક્ષણ એપ્રિલ 2012માં કરવામાં આવ્યું હતું. જ્યારે છેલ્લું પરીક્ષણ ઓક્ટોબર 2021માં કરવામાં આવ્યું હતું.

(2) DRDOનું પૂરું નામ 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' છે.

(3) અગ્નિ-5 એ ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP) હેઠળ વિકસિત સપાટીથી સપાટી પરની બેલેસ્ટિક મિસાઈલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## Hurun Global 500 List 2022




તાજેતરમાં 'હુરુન ગ્લોબલ 500 લિસ્ટ 2022' (Hurun Global 500 List 2022) બહાર પાડવામાં આવ્યું છે.

- જેમાં ભારત 5માં સ્થાને છે.

## હુરુન ગ્લોબલ 500 લિસ્ટ શું છે ?

હુરુન ગ્લોબલ 500 લિસ્ટ એ વિશ્વની ટોચની 500 સૌથી મૂલ્યવાન બિન–રાજ્ય–નિયંત્રિત કંપનીઓનું મૂલ્યાંકન છે.

- તે હુરુન સંશોધન સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.
- આ સૂચિમાંની કંપનીઓને તેમના માર્કેટ કેપિટલાઈઝેશન (લિસ્ટેડ કંપનીઓ માટે) અને મૂલ્યાંકન (અસૂચિબદ્ધ કંપનીઓ માટે)ના આધારે ક્રમાંકિત કરવામાં આવે છે.

## હુરુન ગ્લોબલ 500 લિસ્ટ 2022

હુરુન ગ્લોબલ 500 લિસ્ટની 2022 આવૃત્તિમાં ભારત 9માં સ્થાનેથી 5માં સ્થાને પહોંચી ગયું છે.

- આ યાદીમાં દેશની 20 કંપનીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ એ 202 બિલિયન ડોલરના મૂલ્યાંકન સાથે ભારતની સૌથી મૂલ્યાવાન કંપની છે.
- ત્યારબાદ 139 બિલિયન ડોલરના મૂલ્યાંકન સાથે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને 97 બિલિયનના મૂલ્યાંકન સાથે HDFC બેંક આવે છે.
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અનુક્રમે 34મા અને 65મા ક્રમે છે.
- આ યાદીમાં ટોચની 100માં સ્થાન મેળવનારી માત્ર બે ભારતીય કંપનીઓ છે.
- 260 કંપનીઓ સાથે યુએસ કંપનીઓ આ યાદીમાં ટોચ પર છે.
- આ યાદીમાં 35 કંપનીઓ સાથે ચીન બીજા નંબરે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર દેશ છે. ત્યારબાદ જાપાન અને યુનાઈટેડ કિંગ્ડમ આવે છે.
- ભારત અને કેનેડા પાંચમાં સ્થાને પહોંચી ગયા છે. આ બંને દેશોમાંથી દરેકની યાદીમાં 20 કંપનીઓ છે.
- જ્યારે ટોચના શહેરોમાં ન્યૂયોર્ક 31 કંપનીઓ સાથે ટોચ પર છે.

TET-1/2 LIVE + RECORDED BATCH 1 YEAR VALIDITY વિભાગ 1 અને 2ની સંપૂર્ણ તૈયારી iceonline એપ ડાઉનલોડ કરો Google Play LIMITED TIME OFFER

**1.** ભારતમાં ‘વિજય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 ડિસેમ્બર (B) 15 ડિસેમ્બર (C) 16 ડિસેમ્બર (D) 17 ડિસેમ્બર **(C)**

**2.** ભારતમાં ‘કારગિલ વિજય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 ડિસેમ્બર (B) 16 જુલાઈ (C) 26 ડિસેમ્બર (D) 26 જુલાઈ **(D)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘સૂર્ય કિરણ’ એ ભારત અને કયા દેશ વચ્ચે દર વર્ષે આયોજિત લશ્કરી કવાયત છે ?

(A) નેપાળ (B) મ્યાનમાર (C) બાંગ્લાદેશ (D) ભૂટાન **(A)**

**4.** વર્ષ 2022માં ભારત અને નેપાળ વચ્ચે ‘સૂર્ય કિરણ’ અભ્યાસની કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ?

(A) 15મી (B) 16મી (C) 17મી (D) 18મી **(B)**

**5.** તાજેતરમાં ભારતે અગ્નિ-5 પરમાણુ સક્ષમ બેલેસ્ટિક મિસાઈલનું રાત્રી પરીક્ષણ (Night Trials) સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ હતું. અગ્નિ-5 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારતની સંપૂર્ણ સ્વદેશી પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છે.
2. તેની પ્રહાર ક્ષમતા આશરે 5000 કિ.મી. છે.
3. તેનું પ્રથમ પરીક્ષણ વર્ષ 1998માં કરવામાં આવ્યું હતું.
4. આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે. તથા તેનું મેન્યુફેક્ચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

**6.** તાજેતરમાં 'Hurun Global 500 List 2022' બહાર પાડવામાં આવ્યુ હતું. તેમાં ભારત કેટલામાં સ્થાને છે ?

(A) ત્રીજા (B) પાંચમાં (C) સાતમાં (D) નવમાં **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રધાનમંત્રી વિરાસત કા સંવર્ધન (PM VIKAS)

અલ્પસંખ્યક–(લઘુમતી) બાબતોના મંત્રાલય દ્વારા 'પ્રધાનમંત્રી કૌશલ કો કામ કાર્યક્રમ' (PMKKK)નું નામ બદલીને 'પ્રધાનમંત્રી વિરાસત કા સંવર્ધન' (PM VIKAS) યોજના રાખવામાં આવ્યું છે.

- કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી.

### PM VIKAS યોજના વિશે

તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે જે સમગ્ર દેશમાં લઘુમતી અને કારીગર સમુદાયોની કૌશલ્ય, ઉદ્યોગસાહસિક્તા અને નેતૃત્વ તાલીમની જરૂરિયાત પર કેન્દ્રિત છે.

- તે એક સંકલિત યોજના છે જે લઘુમતી બાબતોના મંત્રાલયની અગાઉની પાંચ યોજનાઓને જોડે છે :

(1) સીખો અને કમાઓ :

તે લઘુમતીઓ માટે પ્લેસમેન્ટ સાથે જોડાયેલ કૌશલ્ય વિકાસ યોજના છે, જેનો ઉદ્દેશ્ય લઘુમતી યુવાનોના કૌશલ્યને તેમની યોગ્યતા, વર્તમાન આર્થિક વલણો અને બજારની સંભાવનાના આધારે વિવિધ આધુનિક/પરંપરાગત કૌશલ્યમાં અપગ્રેડ કરવાનો છે.

(2) ઉસ્તાદ (વિકાસ માટે પરંપરાગત કળા/શિલ્પમાં કૌશલ્ય અને તાલીમનું અપગ્રેડેશન) યોજના :

તેનો ઉદ્દેશ લઘુમતી સમુદાયોની પરંપરાગત કલા અને હસ્તકલાના સમૃદ્ધ વારસાને પ્રોત્સાહન આપવા અને જાળવવાનો છે.

(3) હમારી ધરોહર : ભારતના લઘુમતી સમુદાયોના સમૃદ્ધ વારસાને જાળવવા માટે તેને તૈયાર કરવામાં આવ્યું છે.

(4) નવી રોશની : તે 18 થી 65 વર્ષની વય જૂથમાં લઘુમતી સમુદાયોના યુવાનો (પુરુષ અને સ્ત્રી બંને)ને લાભ આપવાનો છે કે જેમની પાસે ઔપચારિક શાળા છોડવાનું પ્રમાણપત્ર નથી.

(5) નવી મંઝિલ : આ યોજનાનો ઉદ્દેશ્ય 17 થી 35 વર્ષની વય જૂથના છ સૂચિત લઘુમતી સમુદાયોના યુવાનો (પુરુષ અને સ્ત્રી) બંનેને લાભ આપવાનો છે, જેમની પાસે ઔપચારિક શાળા છોડવાનું પ્રમાણપત્ર નથી.

- આ યોજનાને કેબિનેટ દ્વારા 15માં નાણાપંચના સમયગાળા માટે મંજૂરી આપવામાં આવી છે.

### ઘટકો

(1) કુશળતા અને તાલીમ

(2) નેતૃત્વ અને ઉદ્યોગસાહસિકતા

(3) શિક્ષણ

(4) ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ

PM વિકાસનો હેતુ કૌશલ્ય વિકાસ, શિક્ષણ, મહિલા નેતૃત્વ અને ઉદ્યોગસાહસિકતાના ઘટકોનો ઉપયોગ કરીને લઘુમતીઓ, ખાસ કરીને કારીગર સમુદાયોની આજીવિકામાં સુધારો કરવાનો છે.

- આ ઘટકો લાભાર્થીઓની આવક વધારવા તથા ધિરાણ અને બજાર જોડાણને સરળ બનાવવા યોજનાના ઉદ્દેશ્ય માટે એકબીજાના પૂરક છે.

# ઈન્ડિયન ફૂટવેર એન્ડ લેધર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IFLDP)



તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ઈન્ડિયન ફૂટવેર એન્ડ લેધર ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IFLDP/ભારતીય ફૂટવેર અને ચામડા વિકાસ કાર્યક્રમ) યોજનાને 31 માર્ચ 2028 સુધી અથવા આગામી સમીક્ષા સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

- IFLDPને અગાઉના IFLADP (ભારતીય ફૂટવેર, લેધર અને એસેસરીઝ ડેવલપમેન્ટ પ્રોગ્રામ)ના ચાલુ તરીકે મંજૂર કરવામાં આવ્યું હતું.

## ભારતીય ફૂટવેર એન્ડ લેધર ડેવલપમેન્ટ પ્રોગ્રામ

ભારતીય ફૂટવેર એન્ડ લેધર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IFLDP) એ એક કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

- જેનો હેતુ ચામડા ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ વિકસાવવા, ચામડા ક્ષેત્ર માટે વિશિષ્ટ પર્યાવરણીય ચિંતાઓને સંબોધિત કરવા, વધારાના રોકાણની સુવિધા, રોજગારીનું સર્જન અને ઉત્પાદનમાં વધારો કરવાનો છે.
- તે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યુ હતું.

## પેટા યોજનાઓ

(a) સસ્ટેનેબલ ટેક્નોલોજી અને એન્વાયરમેન્ટલ એન્હાન્સમેન્ટ (STEP)

(b) ચામડા ક્ષેત્રનો સંકલિત વિકાસ (IDLS)

(c) મેગા લેધર ફૂટવેર એસેસિરીઝ ક્લસ્ટર ડેવલપમેન્ટ (MLFCD)

(d) સંસ્થાકીય સુવિધાઓની સ્થાપના (EIF)

(e) ફૂટવેર અને લેધર સેક્ટરમાં ભારતીય બ્રાન્ડ્સનું બ્રાન્ડ પ્રમોશન

(f) ફૂટવેર અને લેધર સેક્ટરમાં ડિઝાઈન સ્ટુડિયોનો વિકાસ

## અગાઉના IFLDPની અસર

આ કાર્યક્રમનો હેતુ ખાસ કરીને મહિલાઓ માટે ગુણવત્તાયુક્ત રોજગારીનું સર્જન, કૌશલ્ય વિકાસ, યોગ્ય કાર્ય, ઉદ્યોગને વધુ પર્યાવરણને અનુકૂળ બનાવવા અને ટકાઉ ઉત્પાદન પ્રણાલીને પ્રોત્સાહન આપવાનો છે.

- દેશભરમાં ફેલાયેલા ચામડાના ઉત્પાદનને લગતા ક્ષેત્રોને, ગરીબી ઘટાડવા, ક્ષેત્ર–વિશિષ્ટ કૌશલ્ય/શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ફાયદો થયો છે, જે ટકાઉ વિકાસ લક્ષ્યાંકોમાં યોગદાન આપે છે.
- અન્ય રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ (NDPs) જેમ કે આર્થિક વૃદ્ધિ, રોજગાર સર્જન, સારૂં સ્વાસ્થ્ય અને સુખાકારી, મૂળભૂત માળખાકીય વિકાસ, સસ્તું અને સ્વચ્છ ઊર્જા અને અન્ય પર્યાવરણીય લાભો IFLAD પ્રોગ્રામ દ્વારા સારી રીતે સેવા આપે છે.



## SATURDAY Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં અલ્પસંખ્યક (લઘુમતી) બાબતોના મંત્રાલય દ્વારા 'પ્રધાનમંત્રી કૌશલ કો કામ કાર્યક્રમ' (PMKKK) યોજનાનું નામ બદલીને 'PM VIKAS' કરવામાં આવ્યું છે તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તેમાં PM VIKASનું પૂરું નામ 'પ્રધાનમંત્રી વિરાસત કા સંવર્ધન' છે.
   2. તે કેન્દ્રીયક્ષેત્રની યોજના છે.
   3. તે સમગ્ર દેશમાં લઘુમતી અને કારીગર સમુદાયોની કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા અને નેતૃત્વ તાલીમની જરૂરિયાત પર કેન્દ્રિત છે.
   4. PMKKKની શરૂઆત વર્ષ 2006માં કરવામાં આવી હતી.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ઈન્ડિયન ફૂટવેર એન્ડ લેધર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IFLDP) યોજનાને ______ સુધી અથવા આગામી સમીક્ષા સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

   (A) 31 માર્ચ, 2023 (B) 31 માર્ચ, 2024 (C) 31 માર્ચ, 2025 (D) 31 માર્ચ, 2026 **(D)**

# ONE LINER

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં પ્રમુખ સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ શતાબ્દિ મહોત્સવનું આયોજન અમદાવાદમાં સરદાર પટેલ રિંગ રોડ પર ઓગણજ નજીક કરવામાં આવ્યું છે. અહિયા લગભગ 600 એકરની વિશાળ ભૂમિમાં મહોત્સવ સ્થળ પ્રમુખ સ્વામી મહારાજ નગર વિકસાવવામાં આવ્યું છે. મહોત્સવ સ્થળે અદ્ભૂત રંગબેરંગી ડિઝાઈન તેમજ પ્રેરક સંદેશ સાથે તૈયાર કરવામાં આવેલ પ્રમુખ જ્યોતિ ઉદ્યાન એટલે કે ગ્લો ગાર્ડન 2100 સ્વયંસવકોની દિવસ–રાતની મહેનતથી સજાવવામાં આવ્યો છે. શતાબ્દી મહોત્સવ ઓગણજમાં 15 ડિસેમ્બરથી 15 જાન્યુઆરી સુધી ચાલનારો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **9મી વિશ્વ આયુર્વેદ કોંગ્રેસ : ગોવા**

9મી વિશ્વ આયુર્વેદ કોંગ્રેસના સમાપન સત્રને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 11 ડિસેમ્બરના રોજ ગોવામાં સંબોધિત કર્યુ હતું. તેના જ્ઞાન–વિજ્ઞાન અને સાંસ્કૃતિક અનુભવ દ્વારા વિશ્વના કલ્યાણનો સંકલ્પ એ અમૃતકાલનો એક ધ્યેય છે અને આ માટે આયુર્વેદ એક નક્કર અને અસરકારક માધ્યમ છે. આયુર્વેદ એક એવુ વિજ્ઞાન છે, જેનું તત્વજ્ઞાન તેનું આદર્શ વાક્ય છે – સર્વે ભવન્તુ સુખિન : સર્વે સંતુ નિરામય'. વિશ્વના 30થી વધારે દેશોએ આયુર્વેદને પરંપરાગત દવાની પદ્ધતિ તરીકે માન્યતા આપી છે. તેનો ધ્યેય વધુને વધુ દેશોમાં તેનો પ્રચાર કરવાનો અને આયુર્વેદને માન્યતા આપવાનો છે. આ માટે આયુષ સાથે સંબંધિત ત્રણ સંસ્થાઓ અખિલ ભારતીય આયુર્વેદ–ગોવા, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ યુનાની મેડિસન–ગાઝિયાબાદ અને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હોમિયોપેથી દિલ્હીનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જે આયુષ આરોગ્ય સંભાળ પ્રણાલીને નવી ગતી આપશે.

➤ **બેપોરની ઉરુ પરંપરા**

તાજેતરમાં જિલ્લા પ્રવાસન પ્રમોશન કાઉન્સિલ, કોઝિકોડે પ્રખ્યાત બેપોર ઉરુ (બોટ) માટે ભૌગોલિક સંકેત (GI) ટેગની માંગણી કરી છે. બેપોરની ઉરું કેરળ અને ગલ્ફ દેશો સાથે મૈત્રીપૂર્ણ વેપાર સંબંધોનું પ્રતીક છે. બેપોરની ઉરું (બોટ) એ કેરળમાં કુશળ કારીગરો અને સુથારો દ્વારા હાથવણાટ કરાયેલ લાંકડાનું જહાજ/નાવ/વેસેલ છે. તે ઉત્તમ ગુણવત્તાના લાકડામાંથી બનેલુ છે એ પણ કોઈપણ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કર્યા વિના. ઉરું બનાવવા માટે લાકડું હજુ પણ પરંપરાગત રીતે કાંપવામાં આવે છે જેને ખાસ કૌશલ્ય અને કુશળતાની જરૂર પડે છે. દરેક ઉરુંને બનાવવામાં 1-4 વર્ષનો સમય લાગે છે અને તે હાથથી બનાવવામાં આવે છે. આ પરંપરાગત હસ્તકલાનો ઈતિહાસ 2000 વર્ષ જૂનો છે અને આજે પણ વ્યવહારમાં છે.

➤ **પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના**

આદિજાતિ બાબતોનું મંત્રાલય હાલમાં સમગ્ર દેશમાં ઓછામાં ઓછા 50% આદિવાસી વસતી અને 500 અનુસૂચિત જનજાતિ ધરાવતા 36,428 ગામોને 'મોડલ ટ્રાઈબલ' તરીકે વિકસાવવા માટે પ્રયત્નશીલ છે. આદિજાતિ બાબતોના મંત્રાલયે હાલની વિશેષ કેન્દ્રીય સહાય યોજનાને આદિજાતિ પેટા યોજનામાં રૂપાંતરિત કરી છે અને તેનું નામ બદલીને 'પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના' રાખ્યું છે. તેના અમલીકરણ માટે નિર્ધારિત વર્ષ 2021-22 થી 2025-26 છે. પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના રાજ્ય સરકારના પ્રયત્નોને પૂરક બનાવવા આદિજાતિ સબ–પ્લાન (TSP) ઉપરાંત વિશેષ કેન્દ્રીય સહાય પૂરી પાડીને આદિવાસી લોકોના વિકાસ અને કલ્યાણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેનો ઉદ્દેશ્ય ઉચ્ચ આદિવાસી વસતી ધરાવતા ગામડાઓમાં પાયાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનો અને કેન્દ્રીય અનુસૂચિત જનજાતિ ઘટક હેઠળની યોજનાઓ હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરીને વિકાસના અંતરને દૂર કરવાનો છે.

➤ **ત્રામજાત્રા ઉત્સવ (ટ્રામજાત્રા ઉત્સવ)**

કોલકાતા તેની પ્રસિદ્ધ ટ્રામના 150 વર્ષ પૂરા થવા પર અને વિશ્વાસ બનાવી રાખવા માટે એક ઈવેન્ટનું આયોજન કરશે. ટ્રામજાત્રા અથવા ત્રામજાત્રા (ટ્રામ જર્ની) એ એક ચાલતી ટ્રામ કાર્નિવલ છે. જે વર્ષ 1996માં મેલબોર્ન અને કોલકાતાના ઉત્સાહી લોકો દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવી હતી. આજે કોલકાતા એક માત્ર ભારતીય શહેર છે જ્યાં હજી પણ ટ્રામ ચાલે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **મેન્યુઅલ સ્કેવેન્જિંગ**

તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મત્રાલયે લોકસભામાં જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં (2019 થી 2022) મેન્યુઅલ સ્કેવેન્જિંગને કારણે કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું નથી. મેન્યુઅલ સ્કેવેન્જિંગને 'જાહેર શેરીઓ અને શુષ્ક શૌચાલયોમાંથી માનવ મળમૂત્રને દૂર કરવા, સેપ્ટિક ટાંકીઓ, નાળા અને ગટોરોને કોઈપણ રક્ષણાત્મક ગિયર વિના અને ખુલ્લા હાથથી સાફ કરવા, તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

➤ **ઈક્કી જથરે**

તાજેતરમાં કેરળ સ્થિત એક સંસ્થા થનાલ, વાયનાડમાં પરંપરાગત ચોખાની 300 આબોહવા–પ્રતિરોધક જાતોનું વાવેતર કરીને આદીવાસી ભાષમાં ઈક્કી જથરે અથવા ચોખાનો તહેવાર શરૂ કર્યો છે. થનાલેએ વર્ષ 2009માં હમારે ચાવલ બચાઓ અભિયાન હેઠળ વર્ષ 2009માં પનાવલીમાં રાઈસ યાડવર્સિટી બ્લોક (RDB)ની શરૂઆત કરી હતી. જેમાં ચોખાની 30 જાતો સામેલ હતી, જે હવે વધીને 300 થઈ ગઈ છે. ઈક્કી જથરે પહેલનો ઉદ્દેશ્ય કઠોર આબોહવાની પરિસ્થિતિઓના સામનો કરવાની ક્ષમતા ધરાવતા પરંપરાગત પાકોના સંરક્ષણ મહત્વ વિશે લોકોને જાગૃત કરવાનો છે. આ ઉત્સવ આદિવાસી ખેડૂતો અને નિષ્ણાતો વચ્ચે જ્ઞાનની વહેંચણી અને જ્ઞાનની આપ–લે માટે એક મંચ પણ બનાવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **17મી એશિયા પેસિફિક પ્રાદેશિક બેઠક**

તાજેતરમાં સિંગાપોરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)ની 17મી એશિયા પેસિફિક રિજનલ મીટિંગ (APRM) યોજાઈ હતી. તે એશિયા, પેસિફિક અને આરબ દેશોની સરકારો, નોકરીદાતાઓ અને મજૂર સંગઠનોના પ્રતિનિધિઓને એક કરે છે. 17મી APRMમાં મુખ્ય ચાર વિષયો હતા. જે આ મુજબ છે – (1) સમાવિષ્ટ, ટકાઉ અને સ્થિતિસ્થાપક માનવ–કેન્દ્રિત પુનઃપ્રાપ્તિ માટે એક સંકલિત નીતિ એજન્ડા, (2) ઔપચારિક અને પ્રતિષ્ઠિત કાર્યમાં સંક્રમણની સુવિધા માટે સંસ્થાકીય માળખુ, (3) સામાજિક અને રોજગાર સુરક્ષા માટે મજબૂત પાયો, (4) વધુને વધુ સારી નોકરીઓ માટે ઉત્પાદકોમાં વધારો અને કૌશલ્ય વિકસાવવું. આ બેઠક 'સિંગાપોર સ્ટેટમેન્ટ'ના લોન્ચ સાથે સમાપ્ત થઈ હતી. આ સ્ટેટમેન્ટ આગામી વર્ષોમાં ILOના સમર્થન સાથે રાષ્ટ્રીય કાર્યવાહી માટે સંબંધિત ક્ષેત્રના ધ્યેયોના ILO ઘટક વચ્ચે સહિયારી દૃષ્ટિ પ્રદાન કરે છે.

➤ **એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન**

તાજેતરમાં Appleએ જાહેરાત કરી હતી કે iCloud પર એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શન (E2EE) દ્વારા સુરક્ષિત ડેટા પોઈન્ટને 14 થી 23 કેટેગરીમાં વધારશે. એપલના ડેટા–બ્રીચ–સંશોધન અનુસાર 2013 અને 2021 વચ્ચે ડેટા ભંગની કુલ સંખ્યા ત્રણ ગણાથી વધુ છે. માત્ર વર્ષ 2021માં જ 1.1 અબજ વ્યક્તિગત રેકોર્ડનો ડેટા સામે આવ્યો છે. એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શન સાથે ક્લાઉડમાં ડેટા ભંગની ઘટનામાં પણ વપરાશકર્તાના ડેટાને સુરક્ષિત કરવામાં આવશે. સારી રીતે ભંડોળ ધરાવતા જૂથો દ્વારા શરૂ કરાયેલા હેકિંગ હુમલાઓના લક્ષ્યો માટે સુરક્ષાનું વધારાનું સ્તર મૂલ્યવાન હશે. એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શન એ એક સંચાર પ્રક્રિયા છે. જે બે ઉપકરણો વચ્ચે શેર કરવામાં આવતા ડેટાને એન્ક્રિપ્ટ કરે છે. આ તૃતીય પક્ષો જેમ કે ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર્સ, ઈન્ટરનેટ પ્રોવાઈડર્સ (ISPS) અને સાયબર ગુનેગારોને ડેટા એક્સેસ કરવાથી અટકાવે છે, ખાસ કરીને જ્યારે ડેટા ટ્રાન્સફર થઈ રહ્યો હોય.

➤ **મારિયા ટેલ્કેસ**

12 ડિસેમ્બરના રોજ ગૂગલે મારિયા ટેલ્કેસ પર ડૂડલ બનાવીને તેમનું સન્માન કર્યુ હતું. મારિયા ટેલક્સ ટોચના વૈજ્ઞાનિકો અને બાયોફિઝિસિસ્ટ્સમાંના એક હતા. તેઓ સૌર ઊર્જાના પ્રણેતા હતા આથી તેને 'સન ક્વીન' કહેવામાં આવે છે. મારિયા ટેલક્સ એક હંગેરિયન વૈજ્ઞાનિક હતા. તેમનો જન્મ 12 ડિસેમ્બર, 1900ના રોજ થયો હતો અને તાજેતરમાં તેમની 122મી જન્મ જયંતિ હતી.

➤ **2022ના વર્ષ દરમિયાન ગૂગલ પર મોસ્ટ પોપ્યુલર સર્ચ**

ટોટલ ટાઈમપાસ ગણાતી વેબ બેઝ્ડ ગેમ Wordle વર્ષ 2022માં ગૂગલ પર ગ્લોબલી મોસ્ટ પોપ્યુલર સર્ચ ટર્મ્સમાં મોખરે રહી છે. 2022ના વિશ્વના ટોપ 10 ગૂગલ સર્ચ આ મુજબ છે : Wordle, ઈન્ડિયા વર્સિસ ઈંગ્લેન્ડ, યુક્રેન, ક્વીન એલિઝાબેથ, ઈન્ડિયા વર્સિસ સાઉથ આફ્રિકા, વર્લ્ડ કપ, ઈન્ડિયા વર્સિસ વેસ્ટ ઈન્ડિઝ, આઈફોન 14, જેફરી ડેહમર, ઈન્ડિયન પ્રિમિયર લીગ.

➤ **Just Transition Initiative**

દક્ષિણ આફ્રિકા અને કેન્યાએ તાજેતરમાં પ્લાસ્ટિક પ્રદૂષણને સમાવિષ્ટ રીતે સમાપ્ત કરવા માટે 'જસ્ટ ટ્રાન્ઝિશન પહેલ'ની જાહેરાત કરી છે. પ્લાસ્ટીકને તબક્કાવાર રીતે ખતમ કરવા અંગેની આંતરસરકારી વાટાઘાટ સમિતિ (INS)ના ઐતિહાસિક પ્રથમ સત્ર બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય પ્લાસ્ટિક વેલ્યુ ચેઈનમાં કચરો ઉપાડનારાઓ અને અન્ય કામદારો માટે યોગ્ય રોજગારી સર્જન કરવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **GLAAS રિપોર્ટ 2022**

તાજેતરમાં WHO અને UN-Water દ્વારા 'વૈશ્વિક વિશ્લેષણ અને સ્વચ્છતા અને પીવાના પાણીનું મૂલ્યાંકન (Global Antimicrobial Resistance and Use Surveillance System-Glaas) અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ અનુસાર એક તૃતીયાંશ કરતા ઓછા દેશોએ આવશ્યક પાણી અને સ્વચ્છતા (WASH) સંબંધિત કાર્યોનું સંચાલન કરવા માટે પર્યાપ્ત માનવ સંશાધન જાળવવાનો અહેવાલ આપ્યો છે. 45% દેશો તેમના પીવાના પાણીના લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે ટ્રેક પર છે, પરંતુ હજુ સુધી માત્ર 25% જ તેમના લક્ષ્યોને પૂર્ણ કરી રહ્યા છે. જોકે કેટલાક દેશોના WASH બજેટમાં વધારો થયો છે–તેમાંથી 75% થી વધુ લોકોએ WASH સંબંધિત યોજનાઓ અને ઉદ્દેશ્યોને પહોંચી વળવા માટે અપુરતા સંસાધનોની જાણ કરી છે. મોટા ભાગની WASH નીતિઓ અને યોજનાઓ આબોહવા પરિવર્તનના જોખમોને ધ્યાનમાં લેતા નથી, ન તો WASH ટેક્નોલોજી અને મેનેજમેન્ટ સિસ્ટમ્સના આબોહવા સ્થિતિ સ્થાપકતા ધ્યાનમાં લે છે. ગ્લાસ રિપોર્ટ 2022 એ 121 દેશો અને પ્રદેશો તથા 23 એક્સ્ટર્નલ સપોર્ટ એજન્સીઓના પીવાના પાણી, સફાઈ અને સ્વચ્છતા (WASH) ડેટાનું સંકલન કરે છે.




## ICE ? Questions

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા શહેરમાં પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે ? – અમદાવાદ
- તાજેતરમાં _____ એ જાહેરાત કરી હતી કે iCloud પર એન્ડ–ટુ–એન્ડ–એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત ડેટા પોઈન્ટને 14 થી 23 કેટેગરીમાં વધારશે. – Apple
- 9મી વિશ્વ આયુર્વેદ કોંગ્રેસના સમાપન સત્રને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 11 ડિસેમ્બરના રોજ _____ માં સંબોધિત કર્યુ હતું. – ગોવા
- 12 ડિસેમ્બરે ગૂગલે કોના જન્મદિન પર એક ડૂડલ બનાવી સન્માન કર્યુ હતું ? – મારિયા ટેલ્કેસ
- _____ વર્ષ 2022માં ગૂગલ પર ગ્લોબલી મોસ્ટ પોપ્યુલર સર્ચ ટર્મ્સમાં મોખરે રહી છે. – Wordle
- તાજેતરમાં ILOની કેટલામી એશિયા પેસિફિક રિજનલ મીટિંગ (APRM) યોજાઈ હતી ? – 17મી
- દક્ષિણ આફ્રિકા અને કેન્યાએ તાજેતરમાં પ્લાસ્ટિક પ્રદૂષણને સમાવિષ્ટ રીતે સમાપ્ત કરવા માટે કઈ પહેલની શરૂઆત કરી છે ? – જસ્ટ ટ્રાન્ઝિશન પહેલ
- તાજેતરમાં કોના દ્વારા Glaas રિપોર્ટ 2022 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ? – WHO અને UN-Water
- કયું શહેર તેની પ્રસિદ્ધ ટ્રામના 150 વર્ષ પૂરા થવા પર એક ઈવેન્ટનું આયોજન કરશે ? – કોલકાતા
- તાજેતરમાં ચર્ચામાં રહેલ બેપોરની ઊરું (બોટ) કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – કેરળ
- ઈક્કી જથરે અથવા ચોખાનો તહેવાર કયા રાજ્યમાં શરૂ થયો છે ? – કેરળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં કયા ભારતીય ક્રિકેટરે બાંગ્લાદેશ સામે બેવડી સદી ફટકારી છે ? (વન–ડે મેચમાં) – શ્રી ઈશાન કિશન

(તાજેતરમાં શ્રી ઈશાન કિશને બાંગ્લાદેશ સામે વન–ડે મેચમાં 210 રન ફટકાર્યા હતા. આ સાથે તે વન–ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવનાર ભારતનો ચોથો બેટ્સમેન બન્યો છે.)

2. G20 ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપ (DWG) મીટિંગ'નું યજમાન કયું શહેર છે ? – મુંબઈ

3. વિશ્વ મૃદા દિવસ 2022ની થીમ શું હતી ? – Soils : Where Food Begins

4. ભારતનું પ્રથમ કાર્બન ન્યુટ્રલ ફાર્મ કયાં આવેલું છે ? – કેરળ

5. ભારતીય સંસદ પર આતંકવાદી હુમલો ક્યારે થયો હતો ? – 13 ડિસેમ્બર, 2001

(13 ડિસેમ્બર 2001ના રોજ ભારતીય સંસદ પર આંતકવાદી હુમલો થયો હતો. તે ભારતના ઈતિહાસમાં સૌથી ભયાનક હુમલાઓમાંનો એક હતો. આ હુમલામાં પાંચ આંતકવાદી માર્યા ગયા હતા અને દિલ્હી પોલિસના 6 જવાન શહીદ થયા હતા.)

6. _____ સ્પેસ એજન્સીના એસ્ટરોઈડ સેમ્પલ–રીટર્ન મિશન હાયાબુસા-2 દ્વારા 2020માં પૃથ્વી પર પાછા લાવવામાં આવેલા રિયુગુ નામના અવકાશ ખડકનો નમૂનો પૃથ્વીની ઉત્પત્તિનું રહસ્ય ઉજાગર કરી શકે છે.

– જાપનીઝ સ્પેસ એજન્સી

7. ગુવાહાટી હાઈકોર્ટના જસ્ટિસ _____ ને જમ્મુ–કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરવામાં આવી છે. – શ્રી જસ્ટિસ એન. કોટીશ્વર સિંહ

8. દર વર્ષે યુનિસેફ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 11 ડિસેમ્બર

9. પોતાનું સમર્પિત આબોહવા પરિવર્તન મિશન શરૂ કરનાર પ્રથમ રાજ્ય કયું છે ? – તમિલનાડુ

10. 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ' 2022ની થીમ શું હતી ? – Women Move Mountains

11. કયા શહેરમાં 'યુનિવર્સલ હેલ્થ કવરેજના નેશનલ કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – વારાણસી

12. પ્રથમ G20 ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ (FCBD) મીટિંગનું યજમાન શહેર કયું છે ? – બેંગ્લોર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. કયા દેશે ઐતિહાસિક ન્યુક્લિયર ફયુઝન બ્રેકથ્રુની જાહેરાત કરી છે ? – અમેરિકા

14. 2022 હુરુન ગ્લોબલ લિસ્ટમાં ભારતનું સ્થાન શું છે ? – 5મું

15. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે તમામ પરિવારો માટે અનન્ય આલ્ફા–ન્યુમેરિક ઓળખ નંબર રજૂ કરવાની દરખાસ્ત કરી છે ? – જમ્મુ અને કાશ્મીર

(જમ્મુ અને કાશ્મીરના લેફટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિન્હાએ કહ્યુ કે વહીવટીતંત્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં પરિવારો માટે આઠ–અંકનો અનન્ય આલ્ફા–ન્યુમેરિક ઓળખ નંબર શરૂ કરશે. આ અનન્ય કુટુંબ IDનો હેતુ સામાજિક સુરક્ષા યોજનાઓના ઝડપી અને પારદર્શક અમલીકરણની ખાતરી કરવાનો છે.)

16. કઈ સંસ્થાએ 'ઈન્ટરનેશનલ કલાઈમેટ કલબ'ની શરૂઆત કરી છે ? – G7

17. રાજ્યની યુનિવર્સિટીઓના ચાન્સેલર પદેથી રાજ્યપાલને દૂર કરવા માટે તાજેતરમાં કયા રાજ્યએ બિલ પસાર કર્યુ છે ? – કેરળ

18. કઈ સંસ્થાએ 'International Debt Report 2022' બહાર પાડ્યો છે ? – વિશ્વ બેંક

19. કયું શહેર ઈન્ડિયા વોટર ઈમ્પેક્ટ સમિટ (IWIS 2022)નું યજમાન છે ? – નવી દિલ્હી

20. તાજેતરમાં કાનૂની શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ કોને બાર–એસોસીએશન ઓફ ઈન્ડિયાનો એવોર્ડ મળ્યો છે ? – ડો. કમલેશ જોશીપરા

21. સમાવિષ્ટ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે Airbnbએ કઈ રાજ્ય સરકાર સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – ગોવા

22. કૃષિ–નિર્ણય સપોર્ટ સિસ્ટમ (Krishi-DSS) વિકસાવવા માટે કૃષિ મંત્રાલયે કયા વિભાગ સાથે ભાગીદારી કરી છે ? – અવકાશ વિભાગ

23. ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી.વાય.ચંદ્રચૂડે કયા રાજ્યમાં 10 ડિસ્ટ્રીક કોર્ટ ડિજિટાઈઝેશન (DCDH)નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – ઓડિશા

24. Youth Co:lab યુવા ઈનોવેશન ચળવળ એ અટલ ઈનોવેશન મિશન (AIM) અને કઈ સંસ્થાની પહેલ છે ? – UNDP

25. કઈ કંપની FIH ઓડિશા હોકી મેન્સ વર્લ્ડકપ 2023ની સત્તાવાર ભાગીદાર બની છે ? – ટાટા સ્ટીલ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# અવસર

# 50% DISCOUNT

**TARGET**

## તલાટી, જુ.ક્લાર્ક

₹999/- 3 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 500+ Video
- Mock Test

સફળતાની સંપૂર્ણ તૈયારી

## વનરક્ષક (બીટ ગાર્ડ)

₹2,500/- 1 YEAR VALIDITY

₹1,500/- 6 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 410+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

RECORDED BATCH

₹1,499/- 1 YEAR VALIDITY

₹999/- 6 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 500+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

LIVE BATCH

~~₹20,000/-~~ ₹9,999/- 1 YEAR VALIDITY

**FREE**
- All Subject Material & Books
- Lecture PDF
- Daily/Weekly Mock Test
- Reading Schedule

Google Play iceonline

93773-01110 (10:00am to 6:00pm)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT